## વલ્લભ વેદાંત અને પુષ્ટિમાર્ગ

અર્થાત્

# શ્રી વલ્લભાચાર્યજીનું 'તત્ત્વદર્શન' અને 'ધર્મદર્શન'

સંક્ષિપ્ત પરિચય




આલેખક

**ડૉ. જયેન્દ્ર સોની**

## આશિર્વચન

॥ Shri Swamini Madan Mohanau Jayatah ॥

**Goswami Madhusudan** M.A. B.Ed.
Shri Krishna Niketan
# 16, Ekambareswarar Agraharam,
Chennai - 600 003.

Mobile : 093853 31463
093815 03851

Date : 20-9-2014

કોઈપણ સંપ્રદાયની જેમ વલ્લભ સંપ્રદાયમાં પણ ૪ પક્ષ છે :

૧. તત્ત્વોપદેશ, ૨. સિદ્ધાંતોપદેશ,

૩. વ્યવહારપદેશ અને ૪. ફલોપદેશ.

બ્રહ્મ-જીવ જગતનું મૂળ સ્વરૂપ કેવું છે. તે તત્ત્વોપદેશ સમજાવે છે.

તત્ત્વવિચારના આધારે પર વ્યવહારનું નિયમન એ સિદ્ધાંતોપદેશ છે.

સિદ્ધાંતોનું આચરણ અથવા વ્યવહારિક ઉપદેશ એ વ્યવહારોપદેશ છે અને

આચરણ દ્વારા સિદ્ધાંતની સાધનાનું જે ફળ મળે તે ફલોપદેશ છે.

ડૉ. શ્રી જયેન્દ્રભાઈ સોની દ્વારા રચિત 'વલ્લભ વેદાંત અને પુષ્ટિમાર્ગ' લેખ વાંચવાનો સુઅવસર પ્રાપ્ત થયો. લેખ વાંચ્યા પછી એવો અનુભવ થયો જાણે કે શ્રી જયેન્દ્રભાઈએ 'ગાગરમાં સાગર'નો સમાવેશ કર્યો છે. ઉપરોક્ત ચારે તત્ત્વોનો સમાવેશ આપના લેખમાં આપે ઘણી કુશળતાપૂર્વક કર્યો છે. પ્રારંભિક કક્ષાના વાંચકો પણ સરળતાથી સમજી શકે તેનું ધ્યાન રાખતાં તત્ત્વોપદેશનો સિદ્ધાંત વ્યવહાર દ્વારા કેવી રીતે ફલ પ્રાપ્તિ સુધી લઈ જઈ શકાય એ વિવેચન સુંદરતાથી આપે કર્યું છે. હું માનું છું કે શ્રી અવિનાશભાઈ પારેખ દ્વારા મુંબઈ વિશ્વવિદ્યાલયમાં શરૂ કરવામાં આવેલ વલ્લભવેદાંત પાઠ્યક્રમમાં, વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અવશ્ય સહાયરૂપ થશે. શ્રી જયેન્દ્રભાઈ દ્વારા પુષ્ટિ સંપ્રદાયની આ સેવા તેઓની સંપ્રદાય પ્રત્યેની ભાવના દર્શાવે છે. આપનો આ પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે.

કોટી કોટી ધન્યવાદ તથા આશિષ..

ગોસ્વામી મધુસૂદન

ગો. મધુસૂદન

। શ્રી વલ્લભ ।

# વલ્લભવેદાંત અને પુષ્ટિમાર્ગ

અર્થાત્

# શ્રી વલ્લભાચાર્યજીનું 'તત્ત્વદર્શન' અને 'ધર્મદર્શન'

## સંક્ષિપ્ત પરિચય




આલેખક

**ડૉ. જયેન્દ્ર સોની**

એમ.એ., એડ.ડીપ્લોમા-વલ્લભ વેદાંત, પીએચ.ડી.



પ્રકાશક

**શ્રીવલ્લભ પ્રકાશન**

વલ્લભાશ્રય, ૧૦ બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮, મો. ૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

# વલ્લભ વેદાંત અને પુષ્ટિમાર્ગ

અર્થાત્

# શ્રી વલ્લભાચાર્યજીનું 'તત્વદર્શન' અને 'ધર્મદર્શન'

**(સંક્ષિપ્ત પરિચય)**

© શ્રીવલ્લભ પ્રકાશન


**આલેખક :** **ડૉ. જયેન્દ્ર સોની**
એમ.એ., એડ. ડીપ્લોમા–વ.વેદાંત, પીએચ.ડી.



**પ્રકાશક :** **શ્રીવલ્લભ પ્રકાશન**
(શ્રીમતિ કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ)

**પ્રકાશન સહયોગ :** ૨૫/–

**પ્રાપ્તિસ્થાન :** **'વલ્લભાશ્રય'**
૧૦, બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ. વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨–૨૮૦૧૪૫૧૮,
મો. : +૯૧–૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

**મુદ્રક :** **ખુશી મલ્ટી પ્રિન્ટ્સ,**
એ/૬૦૮, જોયસ હબટાઉન,
એસ.ટી. સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર ચાર રસ્તા,
અમદાવાદ. ફોન : ૦૯૨૨૭૫૦૪૫૫૫




## પ્રાક્કથન

મુંબઈથી પ્રકાશિત થતાં ગુજરાતી દૈનિક 'જન્મભૂમિ' સમાચાર પત્રના દર મંગળવારના **'ધર્મભૂમિ'** વિભાગમાં સતત લગભગ દસ માસ પર્યંત (તા. ૧૮-૯-૨૦૧૨ થી ૩૦-૭-૨૦૧૩) મુંબઈ વિશ્વવિદ્યાલયમાં 'વલ્લભવેદાંત એકેડેમી એન્ડ રીસર્ચ સેન્ટર' પ્રસ્થાપિત કરવામાં નિમિત્ત બનનાર પરમ વૈષ્ણવ શ્રી અવિનાશ પારેખના 'આધાર લેખ' - **''વૈષ્ણવ સંપ્રદાય – વહેમ, વિશ્વાસ અને વિજ્ઞાનના ત્રિભેટે''**ના પ્રતિભાવરૂપે અનેક વૈષ્ણવાચાર્યો તેમ જ વૈષ્ણવ મહાનુભાવોના લેખો પ્રસિધ્ધ થયા હતાં જેમાં પુષ્ટિમાર્ગની વર્તમાન પરિસ્થિતિ, તેની યથાર્થતા-અયથાર્થતા, તેને સુધારવાના ઉપાયો, તેના મૂળભૂત સિધ્ધાંતો, ઈત્યાદિ વિશે સારું મનોમંથન થયું હતું. એ સંપૂર્ણ લેખમાળા **'પુષ્ટિમાર્ગ – એક ચિંતન'** શિર્ષક હેઠળ પૂ.પા.ગો.૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી તથા શ્રી કુંદન વ્યાસ, તંત્રી, જન્મભૂમિ, દ્વારા સંપાદિત પુસ્તક રૂપે પ્રકાશિત થયેલું છે.

એ લેખમાળામાં આ લેખકના પણ લેખ - 'પુષ્ટિમાર્ગનું વિહંગાવલોકન', 'પુષ્ટિમાર્ગ એટલે શ્રી મહાપ્રભુજીના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિધ્ધાંત અનુસાર આચાર પ્રણાલી', 'આવો આપણે સૌ શ્રી વલ્લભાચાર્યજીની છત્રછાયામાં એકસૂત્ર થઈએ!' અને 'પુષ્ટિમાર્ગનું શુદ્ધ સ્વરૂપ શું?'છપાયા હતાં. પ્રસ્તુત સમગ્ર લેખમાળામાં વિદ્વાન આચાર્યશ્રીઓના સૈદ્ધાંતિક પ્રતિપાદન, વર્તમાન પરિસ્થિતિનું અવલોકન, વિશ્લેષણ અને તેના સુધાર માટેના વિવિધ ઉપાયોના સૂચન કરવામાં આવ્યા હતાં. ક્યાંક પુષ્ટિમાર્ગમાં પ્રવર્તિત ગતિવિધિઓની આલોચના પણ કરવામાં આવી હતી. એ લેખમાળામાં વિદ્વાન આચાર્ય શિરોમણી પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી, પૂ.પા.ગો.શ્રી શરદકુમારજી મહોદયશ્રી (કચ્છ-માંડવી) એવમ્ પૂ.પા.ગો. શ્રી યોગેશકુમારજી મહોદયશ્રી (કામવન-પાર્લા)નું યોગદાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું. પરમ વિદુષી પૂ.પા.ગો. શ્રી ઈન્દિરાબેટીજીએ આપેલા પૂર્વ-વક્તવ્યનો અહેવાલ પણ પુષ્ટિમાર્ગની સાંપ્રત પરિસ્થિતિને ઉજાગર કરનાર જ નહીં પણ પથ પ્રદર્શક પણ હતો. કેટલાક લેખોમાં પ્રસ્તુત કરાયે નિ.લી.ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના ઉધ્ધરણો પણ સંપ્રદાયની વાસ્તવિક પરિસ્થિતિનું દર્શન

કરાવનાર હતાં, તો કેટલાક વિદ્વાનોએ પુષ્ટિમાર્ગનું સ્વરૂપ પોતાની દૃષ્ટિએ શું હોવું ઘટે તેવા મંતવ્યો પણ પ્રકટ કર્યા હતાં.

એ સમગ્ર લેખમાળાના વૈચારિક મનોમંથનની ફલશ્રુતિ રૂપે જે વિષયને લઈને સમાચાર પત્રમાં આટલી લાંબી ચર્ચા ચાલી અને પુષ્ટિમાર્ગની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જે મૂળભૂત પ્રશ્નો શ્રી અવિનાશ પારેખે ઉઠાવ્યા તેના પરિપેક્ષમાં શ્રી વલ્લભાચાર્યજીની તત્ત્વદર્શીય વિચારધારા અને તેમણે બતાવેલી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલીની પુષ્ટભૂમિમાં તેમના **'તત્ત્વદર્શન અને ધર્મદર્શન'** અર્થાત્ **'વલ્લભવેદાંત અને પુષ્ટિમાર્ગ'**ની 'પાયાગત જાણકારી' અત્રે સંક્ષિપ્તમાં યથામતિ પ્રસ્તુત કરવામાં આવી છે. તેમાં સામાન્ય વાંચકો માટે કેવળ એક વિહંગાવલોકન કરાવવાનો જ હેતુ રહેલો છે. જીજ્ઞાસુ વાંચકે તે વિશે વધુ જાણવા-સમજવા માટે શ્રી મહાપ્રભુજીના વિવિધ ગ્રંથોનું તથા તેમના અનુગામી આચાર્યોની ટીકા, સ્વતંત્ર ગ્રંથો વગેરેનું અધ્યયન કરવું આવશ્યક ગણાય.

અહીં નોંધવા બાબત એ છે કે જ્યારે આપણે **'પુષ્ટિમાર્ગ'** વિશેનું ચિંતન કરતાં હોઈએ, ત્યારે બે મૂળભૂત તથ્યોનો સ્વીકાર કરવો અત્યાવશ્યક ગણાય - (૧) શ્રી વલ્લભાચાર્યજીની તત્ત્વદર્શીય વિચારધારાનો આધાર **'પ્રમાણ ચતુષ્ટય'** અર્થાત્ **વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો** અને **ભાગવત** છે, એટલે કે આ ચાર શાસ્ત્રોના પ્રામાણ્યનો સ્વીકાર એ તેની પૂર્વશરત ગણાય, (૨) **'પુષ્ટિમાર્ગ'** એ શ્રી વલ્લભાચાર્યજીએ પ્રગટ કરેલો **'વિશિષ્ટ ભક્તિમાર્ગ'** છે, **'પૃથક શરણ માર્ગ'** છે. તે તેમની આગવી 'વિચારધારા' છે, જે તેમણે ઉપરોક્ત 'પ્રમાણ ચતુષ્ટય'ની એકવાક્યતાના આધારે પ્રતિપાદિત કરી છે. તેથી તે વિશે તેમણે રચેલા ગ્રંથો અને તેમણે પ્રસ્તુત કરેલા સિધ્ધાંતો અને તદનુસાર તેમના વંશજ આચાર્યોના તદ્ વિષયક ખુલાસા કે વિચારોના માળખામાં જ **'પુષ્ટિમાર્ગ'**નું યથાર્થ મૂલ્યાંકન કરી શકાય, અન્યથા નહીં. જે સૈધ્ધાંતિક વિચારધારાના પરિપેક્ષ્યમાં શ્રી મહાપ્રભુજીએ પોતાનું 'તત્ત્વદર્શન' પ્રસ્તુત કર્યું છે તે **'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'** છે, તેનાથી વિપરીત કોઈ અન્ય પુષ્ટિમાર્ગની વ્યાખ્યા હોઈ શકે નહીં. કોઈની સમજમાં પુષ્ટિમાર્ગ કેવો હોવો જોઈએ તે આવી ચર્ચામાં અપ્રસ્તુત ગણાય, તે સારી રીતે સમજી લેવું જોઈએ.

આમ વેદાદિ પ્રમાણો અને શ્રી વલ્લભાચાર્યજીએ પ્રસ્તુત કરેલા



સિધ્ધાંતોને **'સ્વયંસિધ્ધ વિધાન'** માનીને જ આગળ ચાલવું જોઈએ અને તેના આધારે આપણી આચારપ્રણાલી શું હોઈ શકે ?, શું હોવી જોઈએ તેની ચર્ચા પણ વર્તમાન સમયને અનુલક્ષીને, શ્રી મહાપ્રભુજીએ બતાવેલ સિધ્ધાંતને યથાવત્ જાળવીને જ થઈ શકે. આ વાત આપણે ગણિતના ઉદાહરણથી સમજી શકીએ કે ભૂમિતિમાં એક વર્તુળને ૩૬૦ ડિગ્રીમાં વહેંચવામાં આવ્યું છે, જેના આધારે ત્રિકોણના ત્રણ ખુણાનો સરવાળો ૧૮૦ ડિગ્રી થાય છે. આ **'સ્વયં સિધ્ધ વિધાન'** છે જેને પુરવાર કરવાની આવશ્યકતા હોતી નથી. ભૂમિતિના બીજા દાખલા-પ્રમેયો આ તથ્યના આધારે ગણવામાં આવે છે. તેવી જ વાત શ્રી વલ્લભાચાર્યજીએ સ્વીકારેલા વેદાદિ પ્રમાણો અને તેમણે પ્રસ્તુત કરેલા સિધ્ધાંતોના આધારે પુષ્ટિમાર્ગની અન્ય ગતિવિધિઓનું મૂલ્યાંકન થઈ શકે. શાસ્ત્રમાં કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ઉપાસનામાર્ગ ઈત્યાદિ અનેક માર્ગોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, જે પ્રત્યેકનું પોતાનું મહત્વ છે, ફલદાયિતા છે, પરંતુ જે બાબતની ચર્ચા શ્રી અવિનાશ પારેખે શરૂ કરેલી તે **વૈષ્ણવ સંપ્રદાય - 'વલ્લભ સંપ્રદાય'** અર્થાત્ **'પુષ્ટિમાર્ગ'**ને અનુલક્ષીને હતી અને તેમાં આવેલી વર્તમાનમાં વિપરીતતા, તેના કારણો અને તેનું વિશ્લેષણ કરી તેના ઉપાયો શોધવાનો પ્રયત્ન, તે આ આધાર લેખનો મુદ્દો હતો.

ઉપરોક્ત હકીકતોની પૃષ્ઠભૂમિમાં પ્રસ્તુત પુસ્તિકાનું આલેખન કરવામાં આવ્યું છે, જેમાં સંક્ષિપ્તમાં શ્રી વલ્લભાચાર્યજીનું **'તત્ત્વદર્શન અને ધર્મદર્શન'** આલેખિત કરવામાં આવ્યું છે. આશા છે કે પ્રસ્તુત આલેખન, વિશેષતઃ પુષ્ટિમાર્ગની જીજ્ઞાસુ યુવાપેઢીને, **'પુષ્ટિમાર્ગ'**ની પૃષ્ટભૂમિમાં રહેલું **'તત્ત્વદર્શન'** અને તેનું હાર્દ સમજવામાં ઉપયોગી બનશે.

સ્નાનયાત્રા-જેષ્ટાભિષેક **અસ્તુ**

તા.૨, જુન, ૨૦૧૫ **ડૉ. જયેન્દ્ર સોની**

**નોંધઃ-** ઉપરોક્ત લેખમાળા - 'પુષ્ટિમાર્ગ, એક ચિંતન' પુસ્તકમાં સંપૂર્ણ આલેખાયેલ છે, જેનું સંપાદન, ગો.૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી તથા કુંદન વ્યાસ, તંત્રી, જન્મભૂમિ દ્વારા થયેલ છે તે શ્રીમતિ ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ, 'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર, કાંદિવલી (પૂર્વ), મુંબઈ. ટે.નં. ૨૮૫૪૨૩૦૦, પાસેથી ન્યોચ્છાવરથી પ્રાપ્ત થઈ શકે છે.

## વિષય-સૂચિ

* ભારતીય તત્ત્વજ્ઞાનનો આધાર
* તત્ત્વદર્શન અને ધર્મદર્શન
* વિવિધ વિચારધારાઓ
* શંકરાચાર્યજીની તાત્વિક વિચારધારા
* શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન
* ગીતા - વાલ્લભ તત્ત્વદર્શનનો મૂલભૂત આધાર
* શ્રી વલ્લભાચાર્યજીના મુખ્ય ગ્રંથો
* શુદ્ધાદ્વૈત વિચારધારા
* ઈશ્વર વિશે વિભિન્ન માન્યતા
* બ્રહ્મતત્ત્વ
* સાકાર બ્રહ્મવાદ
* પરમ તત્ત્વ શ્રીકૃષ્ણ
* અક્ષર બ્રહ્મ
* જગત
* લીલાર્થ સૃષ્ટિ
* જીવ તત્ત્વ
* જીવોના પ્રકાર
* શ્રી વલ્લભાચાર્યજીનું ધર્મદર્શન
* ભક્તિમાર્ગ
* પુષ્ટિમાર્ગ
* પુષ્ટિમાર્ગમાં 'કૃષ્ણસેવા'નીપ્રાધાન્યતા
* બ્રહ્મસંબંધ
* ઉપસંહાર



# શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન અને ધર્મદર્શન

## • ભારતીય તત્ત્વજ્ઞાનનો આધાર વેદ

ભારતીય સંસ્કૃતિનું પ્રાચીનત્તમ ધર્મસાહિત્ય **વેદ** છે. બધા જ વૈદિક દર્શનો/સંપ્રદાયોના તાત્વિક ધાર્મિક સિધ્ધાંતોનો આધાર વેદ છે. તદનુસાર છ **'વૈદિક દર્શનો'** અસ્તિત્વમાં આવ્યા છે - **સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા** અને **ઉત્તરમીમાંસા** અથવા **વેદાંત.** તેના સિવાય અન્ય ત્રણ દર્શનોનો પણ ભારતમાં વિકાસ થયો છે- **ચાર્વાક, બૌદ્ધ** અને **જૈન**. તેને **'અવૈદિક'** અથવા **'નાસ્તિક'** દર્શન કહેવાય છે, કારણકે તે વેદના પ્રામાણ્યનો સ્વીકાર કરતાં નથી. પ્રત્યેક દર્શને **'પરમસત્તા'**, **જીવ** અને **જગત**ના સ્વરૂપ વિશે પોત પોતાની વિચારધારા પ્રસ્તુત કરી છે. તેમ જ મનુષ્યના અંતિમ ફલના સ્વરૂપ તથા તેને પ્રાપ્ત કરવાના સાધન માટે કોઈ વિશિષ્ટ **'સાધના-પ્રણાલી'**નો પણ નિર્દેશ કર્યો છે. દુનિયામાં અન્યત્ર પણ અનેક ધર્મોનો વિકાસ થયો છે, જેમણે ઈશ્વર તેમ જ જગત વિશેની વિવિધ વિચારધારાઓ પ્રસ્તુત કરી છે. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે સમગ્ર બ્રહ્માંડ અથવા સૃષ્ટિ માત્ર એક જ હોય તો તેના સર્જક અથવા કારણભૂત તત્ત્વ ભિન્ન ભન્ન હોઈ શકતાં નથી. છતાં 'પરમસત્તા' અથવા 'ઈશ્વર' વિશે સૌ કોઈ પોતપોતાની માન્યતા મુજબ જ હોવાનો દાવો કરે છે. આ હકિકતનો ખુલાસો ઋગ્વેદની સંહિતામાં મળે છે-જ્યાં કહ્યું છે- **'એકમ્ સત્ વિપ્રાઃ બહુધા વદન્તિ'** (૧-૧૬૪.૪૬), અર્થાત્ 'તત્ત્વ' એક જ છે પરંતુ વિદ્વાનોએ તેને ભિન્ન ભિન્ન રીતે પ્રસ્તુત કર્યું છે. આ વિધાન આપણા આર્ષદૃષ્ટાઓનું 'સુવર્ણવાક્ય' કહી શકાય, જેને માટે તેમને વંદન કરવાનું મન થાય. ઉપનિષદ કહે છે - **''એકમેવા દ્વિતિયમ્''** (છાં.ઉ. ૬/૨/૧) અર્થાત્ 'તત્ત્વ' એક માત્ર જ છે, અને તેના સિવાય અન્ય કશાનું અસ્તિત્વ નથી.' તેથી સમજી શકાય કે પ્રત્યેક ધાર્મિક આસ્થા તે 'પરમ તત્ત્વ'ને જુદા જુદા નામથી ઓળખાવે છે - કોઈ 'ઈશ્વર' કહે, કોઈ 'અલ્લાહ', કોઈ

'જીસસ' - God કે કોઈ 'અહુરમઝદા'. એક વાત ચોક્કસ છે કે એ પ્રત્યેક નામો કોઈ એક જ 'તત્ત્વ'નો નિર્દેશ કરે છે, જેને વેદ **'બ્રહ્મ'** તરીકે ઓળખાવે છે. જગતની ઉત્પત્તિના કારણરૂપ કોઈ 'પ્રકૃતિ'ને બતાવે છે, કોઈ 'પરમાણુ'ને, કોઈ 'માયા'ને તો કોઈ 'અદૃષ્ટ કર્મ'ને, કોઈ 'વાસના', તો કોઈ 'શૂન્ય' કહે છે, કોઈ શિવ, શક્તિ કે વિષ્ણુ તો કોઈ ખુદા, 'યહોબા' કે 'અહુરમઝદા'ને સૃષ્ટિના સર્જક બતાવે છે. આધુનિક વિજ્ઞાન જગતની ઉત્પતિનું કારણ પદાર્થ (matter) ને માને છે. હાલમાં જ કોઈ ઈશ્વરી તત્ત્વની પણ ખોજ થઈ છે જેને વિજ્ઞાન **'હિગ્સ-બોસન'** કહે છે. પરંતુ એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે આ બધા જ નામો કોઈ એક જ તત્ત્વનો નિર્દેશ કરે છે, કારણ કે તેમનું 'સર્જન' અથવા 'કાર્ય' એ આ દૃશ્યમાન 'જગત' છે. તેથી સમજી શકાય કે ઉપરોક્ત વેદવાણી અનુસાર કોઈ એક 'પરમસત્તા', જેને ઉપનિષદ 'બ્રહ્મ'ના નામથી સંબોધે છે, તે તત્ત્વની જ બધી ભિન્ન ભિન્ન નામથી કરવામાં આવેલી અભિવ્યક્તિ છે. જો આ તથ્યનો અથવા સત્યનો સૌ કોઈ સ્વીકાર કરે તો કદાચ આજે દુનિયામાં પ્રવર્તિત ધાર્મિક વિવાદો સમાપ્ત થઈ જાય. શ્રી વલ્લભાચાર્યજીએ આના ખુલાસામાં એક ખુબ સરસ વાત પોતાના 'નિબંધ' ગ્રંથમાં કહી છે- **''સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તત્''** (શા.પ્ર.૭૦), અર્થાત્ બ્રહ્મ એક એવું **'તત્ત્વ'** છે જે કોઈ પણ એક વિચારધારાનો વિષય નથી છતાં તે બધા જ વાદોને અનુસરે છે. આ એક જ વાક્યમાં બધી જ વિચારધારાઓનું સમાપન થઈ જાય છે. પછી તે વિવાદનો પ્રશ્ન રહી જતો નથી. આ એક **'પરમ સત્ય'** (absolute truth) છે.

*

## • તત્ત્વદર્શન–ધર્મદર્શન

વેદના પ્રામાણ્યનો સ્વીકાર કરનારા તત્ત્વદર્શનોમાં **'બ્રહ્મતત્ત્વ'**ને જ્ઞાનનો વિષય કહ્યો છે. તેને તત્ત્વજ્ઞાનની ભાષામાં **'પ્રમેય'** કહે છે. તે જાણવા લાયક - સમજવા લાયક તત્ત્વ છે. 'પ્રમેય' ને **'પ્રમાણ'** દ્વારા જાણી શકાય. પ્રમેયને જાણવાનું સાધન એટલે 'પ્રમાણ'. શાસ્ત્રમાં પ્રત્યક્ષ,



અનુમાન, શબ્દ, ઈત્યાદિ વિવિધ પ્રમાણો બતાવ્યા છે જેનાથી 'પ્રમેય'નું જ્ઞાન થાય છે. મનુષ્યજીવનનું અંતિમ લક્ષ 'સ્વર્ગ પ્રાપ્તિ', 'મોક્ષ', 'ઈશ્વર સાક્ષાત્કાર' (God realization) વગેરે બતાવવામાં આવ્યા છે, જેને **'ફલ'** કહેવાય. ફલની પ્રાપ્તિ માટે કર્મ, જ્ઞાન, ઉપાસના, ભક્તિ વગેરેની વિવિધ પ્રક્રિયાઓનો શાસ્ત્રોમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. તેને **'સાધન'** કહેવાય. ફલની પ્રાપ્તિ માટે સાધનની અપેક્ષા રહે. આમ **પ્રમાણ, પ્રમેય, સાધન** અને **ફલ**નો વિચાર ભારતીય તત્ત્વદર્શનોમાં કરવામાં આવ્યો છે. આપણા દાર્શનિકોએ **'પરમતત્ત્વ'** વિશેના ચિંતનની સાથે તેને પ્રાપ્ત કરવા માટે **'ધર્મ'**ને સાધન બનાવ્યું છે, જેના અંતર્ગત અનેક પ્રકારની **'સાધના પ્રણાલી'** નો નિર્દેશ કરવામાં આવ્યો છે.

**ધર્મ**, **અર્થ**, **કામ** અને **મોક્ષ** એ મનુષ્ય જીવનના ચાર **પુરુષાર્થો** શાસ્ત્રોમાં બતાવ્યા છે. 'ધર્મ' પ્રથમ પુરુષાર્થ છે જેનું અંતિમ લક્ષ 'મોક્ષ' પ્રાપ્તિ છે, જેના કારણે મનુષ્ય આ સંસારમાં તેને ભોગવવી પડતી આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મુક્ત થઈ, શાશ્વત સુખ અને શાંતિ મેળવી શકે, પરમાનંદનો અનુભવ કરી શકે.

ભારતીય દર્શનની આ વિશેષતા છે જેમાં આધ્યાત્મિક ચિંતનની સાથે તેના વ્યવહારિક ઉપયોગનો વિચાર કરી **'ધર્મદર્શન'** પણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. તેના કારણે જ ભારતીય તત્ત્વચિંતન પાશ્ચાત્ય તત્ત્વચિંતનથી અલગ પડે છે.

**'વલ્લભવેદાંત'** શ્રી વલ્લભાચાર્યજીનું **'તત્ત્વદર્શન'** છે જ્યારે **'પુષ્ટિમાર્ગ'** તેમનું **'ધર્મદર્શન'** છે. પહેલો **'વિચારપક્ષ'** છે, તો બીજો **'આચારપક્ષ'** છે. બન્ને પરસ્પર આધારિત છે, બન્ને જાણવા આવશ્યક ગણાય. 'ધર્મદર્શન'નો વૈચારિક આધાર તેનું તત્ત્વદર્શન છે, તો 'તત્ત્વદર્શન'નો વ્યવહારિક ઉપયોગ તેનું 'ધર્મદર્શન' છે. આમ બન્ને અન્યોન્ય છે. બન્નેની આવશ્યકતા અને ઉપયોગીતા છે. 'પ્રકૃતિ' અને 'પુરુષ' એ બન્નેના સંબંધની માફક 'તત્ત્વજ્ઞાન' અને 'ધર્મ' બન્ને ભેગા થવા જોઈએ. બન્નેનો સંબંધ 'અંધપંગુ ન્યાય' જેવો છે. કેવળ **'તત્ત્વજ્ઞાન'** એ અપંગ છે અને કેવળ **'ધર્મ'** એ અંધ હોઈ શકે. બન્ને એકબીજાની સાથે

જોડાય તો પોતે ગતિ કરીને ધ્યેયને પહોંચવાને શક્તિશાળી બને. માત્ર તત્ત્વજ્ઞાન પાસે દૃષ્ટિ હોવા છતાં તેમાં ગતિ કરવાની શક્તિના અભાવે તે સાધન વગર આગળ જઈ ના શકે. કેવળ તેનો વિચાર મનોરથ રૂપે જ રહે; તેવી જ રીતે 'ધર્મ' અથવા વ્યવહારિક આચરણ ગમે તેટલું સબળ હોય, પરંતુ જો તેમાં કોઈ સૈધ્ધાંતિક ચિંતન ન હોય, તેનું ધ્યેય શું છે? ક્યાં જવાનું છે? શું અને શા માટે પ્રાપ્ત કરવાનું છે, ઈત્યાદિનો જો તેમાં વિચાર ન હોય તો તે ગમે તે દિશામાં અથડાય, પરંતુ મનુષ્ય તેના લક્ષ્ય પર પહોંચી ન શકે. તેથી જ આપણા મંત્રદૃષ્ટા ઋષિઓએ તત્ત્વજ્ઞાન અને ધર્મ એ બન્નેનો સંબંધ સ્થાપિત કર્યો છે. મોક્ષ અથવા 'બ્રહ્મ પ્રાપ્તિ'ના અંતિમ ધ્યેયને પહોંચવા માટે આ બન્ને જરૂરી જ નહીં, આવશ્યક છે. 'તત્ત્વજ્ઞાન' બુદ્ધિની દૃષ્ટિથી વિચારે છે જ્યારે 'ધર્મ' એ શ્રધ્ધાનો વિષય છે. બુદ્ધિ અને શ્રધ્ધા એ બે ભેગા થતાં એકબીજાનું માર્ગદર્શન કરી શકે છે. બુદ્ધિ શ્રધ્ધાને અને શ્રધ્ધા બુદ્ધિને ઉભય પરસ્પર ઉપકારક બનીને એકબીજાના હિતમાં સખ્યભાવ સ્થાપિત કરીને પોતાનું શ્રેય વિચારી શકે છે. આથી જ આપણી સઘળી વિચારધારાઓમાં તત્ત્વદર્શનનો ધર્મની સાથે સંબંધ યોજયો છે. એ રીતે તત્ત્વજ્ઞાન એ **'સૈધ્ધાન્તિક'** પાસું છે જ્યારે ધર્મ એ તેનું **'વ્યવહારિક'** સ્વરૂપ છે. ભારતના એક મૂર્ધન્ય ચિંતક સાચુ જ કહે છે- **"Philosophy when most, it self will be religious and religion in its deepest aspects will be philosophical."**

*

## • વિવિધ વિચારધારાઓ

'ઉપનિષદ' એ વેદનો અંતિમ ભાગ અથવા તેના સારરૂપ છે. તેથી જ તેને **'વેદાંત'** પણ કહે છે. વેદાંતના એ વિશાળ જ્ઞાનને બાદરાયણ વ્યાસજીએ સંક્ષિપ્તમાં સૂત્રાત્મક રૂપે પ્રસ્તુત કર્યા છે, જે **'બ્રહ્મસૂત્રો'**ના નામથી જાણીતા છે. આ સૂત્રોમાં વેદનું વિશદ જ્ઞાન છે, પરંતુ સામાન્ય મનુષ્ય માટે તેને ઉકેલવા-સમજવા મુશ્કેલ છે. તેથી આપણા આચાર્યોએ તે સૂત્રોને સમજાવવા તેના પર **'ભાષ્ય'**ની રચના કરી છે, પ્રત્યેકના



ભાષ્યમાં, વિભિન્ન આચાર્યો એ પોતાના દૃષ્ટિકોણ મુજબ તે સૂત્રોના ખુલાસા કર્યા છે. **શ્રી શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય** તથા **શ્રી વલ્લભાચાર્યજી**એ રચેલા 'ભાષ્ય'માં તેમણે કરેલા વેદાંતના અર્થઘટન મુજબ, તે પ્રત્યેકની વિવિધ વિચારધારાઓ પ્રસ્તુત થયેલી છે, જે અનુક્રમે **કેવલાદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ, દ્વૈતવાદ, દ્વૈતાદ્વૈતવાદ** તથા **શુદ્ધાદ્વૈતવાદ**ના નામથી પ્રસિધ્ધ છે. શંકરાચાર્યજીનું ભાષ્ય **'શંકરભાષ્ય'** અથવા 'શારીરિક ભાષ્ય' તથા શ્રી વલ્લભાચાર્યજીનું ભાષ્ય **'અણુભાષ્ય'**ના નામથી જાણીતું છે. શંકરાચાર્યજી **'જ્ઞાનમાર્ગ'**ના પ્રતિપાદક છે જ્યારે અન્ય બધા આચાર્યોનો અભિગમ **'ભક્તિમાર્ગીય'** છે અને તેમણે કૃષ્ણની ઉપાસના પર વધુ ભાર મુક્યો છે. બધા જ આચાર્યોની વિચારધારાઓના પાયામાં બ્રહ્મસૂત્રો અર્થાત્ ઔપનિષદિક જ્ઞાન રહેલું હોવા છતાં તેમાં ભિન્નતા જોવા મળે છે. તેનું કારણ છે- પ્રત્યેકનો જુદો જુદો અભિગમ, ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણ. જેવી રીતે કોઈ કાનૂની મુદ્દા પર કોર્ટની બેન્ચના જુદા જુદા વિદ્વાન ન્યાયાધિશોનો ચુકાદો ક્યારેક એકબીજાથી વિરોધાભાસી હોય છે, તેવી જ આ બાબત છે. તેથી અહીં કોઈના સાચા-ખોટા હોવાનો સવાલ નથી, પરંતુ પ્રત્યેકના અલગ-અલગ વૈચારિક દૃષ્ટિકોણ છે. કોઈ પણ આચાર્યની વિચારધારા મૌલિક ન કહેવાય, કારણ કે બધા જ આચાર્યોએ તેને પ્રતિપાદિત કરવા વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રોનો મુખ્યત્વે આધાર લીધો છે. શ્રી વલ્લભાચાર્યજીએ તે ત્રણ શાસ્ત્રો ઉપરાંત શ્રીમદ્ ભાગવત પુરાણને પણ 'ચતુર્થ પ્રમાણ' રૂપે સ્વીકારી ચારેય શાસ્ત્રો, જેને **'પ્રમાણ ચતુષ્ટય'** કહેવાય છે, તેના આધારે પોતાનું **'શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન'** પ્રસ્તુત કર્યું છે.

*

## • શંકરાચાર્યજીની તાત્ત્વિક વિચારધારા

શ્રુતિવાક્ય- **'એકમેવાદ્વિતિયમ'**ના આધારે શંકરાચાર્યજી બ્રહ્મને તો 'સત્ય' માને છે કારણ કે સૃષ્ટિમાં એક માત્ર બ્રહ્મનું જ અસ્તિત્વ છે, તે સિવાય અન્ય કાંઈ છે જ નહીં. પરંતુ, તેઓ આ દૃશ્યમાન જગતને **'માયિક'**

અથવા **'મિથ્યા'** કહે છે, કેમ કે વાસ્તવમાં અન્ય કશું ન હોવા છતાં આપણને જગત રૂપે અનેક જડ-ચેતન પદાર્થો દેખાય છે. તેમના મતે, તેનું કારણ **'માયા'** છે, જે જાદુગરની માફક ભ્રમ ઉત્પન્ન કરે છે. જીવની અવિદ્યા - અજ્ઞાનના કારણે હકીકતમાં સર્વ કાંઈ 'બ્રહ્મ' જ હોવા છતાં આપણને તે જુદા જુદા પદાર્થોના રૂપે દેખાય છે. જેવી રીતે અંધકારમાં કોઈ દોરી લટકતી હોય તેને આપણે સર્પ માની લઈએ, પરંતુ પ્રકાશ થતાં આપણને તેના વાસ્તવિક સ્વરૂપ-દોરી હોવાનું જ્ઞાન થાય, તેમ આપણા અજ્ઞાનના કારણે, વાસ્તવમાં આ સૃષ્ટિમાં બધું બ્રહ્મ હોવા છતાં, આપણે તેને જડ-ચેતનાત્મક જગત રૂપે જોઈએ છીએ. તે હકીકત નથી, સાચું નથી, આપણો ભ્રમ માત્ર છે. જ્યારે વેદાદિ શાસ્ત્રો (પ્રસ્થાનત્રયી) દ્વારા આપણે બ્રહ્મના સાચા સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે આ જગતમાં દેખાતા વિવિધ પદાર્થો ને બદલે આપણને સર્વત્ર 'બ્રહ્મ'ના અસ્તિત્વની પ્રતિતી થાય. ત્યારે જીવને વેદમાં કહેલા **'અહં બ્રહ્માસ્મિ'**નો અનુભવ થાય. શંકરાચાર્યજીની આ વિચારધારા 'કેવલાદ્વૈતવાદ' અથવા 'માયાવાદ'ના નામથી જાણીતો છે.

બ્રહ્માનુભવ કરવા માટે શંકરાચાર્યજી શાસ્ત્રોમાં બતાવેલ **'સાધન ચતુષ્ટય'**નો નિર્દેશ કરે છે - તે છે - (૧) **નિત્ય-અનિત્ય વસ્તુનો વિવેક,** (૨) **વૈરાગ્ય** અર્થાત્ સંસારનો આત્યન્તિક ત્યાગ, (૩) **ષટ્ સંપત્તિ**- શમ, દમ, ઉપરતિ એટલે કે મન અને ઈન્દ્રિયો પર કાબુ, તિતિક્ષા અર્થાત્ સહનશીલતા, શ્રધ્ધા અને સમાધાન અને (૪) **મુમુક્ષુત્વ** અર્થાત મોક્ષની ઈચ્છા. આ સાધનોને પ્રાપ્ત કરવા માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસન આવશ્યક છે. શાસ્ત્રોના સર્વ સિધ્ધાંતોનું શ્રવણ કર્યા પછી તેના ઉપર ઉંડાણપૂર્વક મનન કરવામાં આવે અને તે સિધ્ધાંતોને જ્યારે આત્મસાત્ કરવામાં આવે ત્યારે, અર્થાત્ જીવાત્મા અને બ્રહ્મ વચ્ચેના અભેદનું એકાગ્રપણે ચિંતન કરવામાં આવે ત્યારે જ 'બ્રહ્મસાક્ષાત્કાર' સંભવિ શકે છે, તેમ શંકરાચાર્યજીનો મત છે.

બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો આ 'જ્ઞાનમાર્ગ'નો રસ્તો શંકરાચાર્યજીએ બતાવ્યો છે. પરંતુ, જ્ઞાનમાર્ગ એ સર્વ સંસારીઓ માટે સરલ નથી.



બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની ઉપરોક્ત પશ્ચાદ્ ભૂમિકા તૈયાર કરવી, વિશેષતઃ કલિકાલમાં તે સૌ કોઈ માટે આસાન નથી. સંસારના વિષયોને અસાર માની તેમાં વૈરાગ્ય ઉત્પન્ન થવો અને તેનો ત્યાગ કરવો, અર્થાત્ સંન્યાસ ગ્રહણ કરવો એ સામાન્ય માણસ માટે લગભગ અસંભવ છે.

શંકરાચાર્યજી પછી થયેલા રામાનુજાચાર્ય આદિ અન્ય આચાર્યોએ બ્રહ્મ પ્રાપ્તિના બીજા વિકલ્પરૂપે **'ભક્તિમાર્ગ'**નું પ્રતિપાદન કર્યું. ભક્તિની સંકલ્પના વેદકાલથી પ્રવર્તિત હોવાનો ઉલ્લેખ વેદોપનિષદમાં અનેક દેવતાઓની સ્તુતિ આદિથી મળે છે. તેમને પ્રસન્ન કરવા માટે સેવા-પૂજા-અર્ચના, ઉપાસના ઈત્યાદિના વિધાન તેમાં કરવામાં આવ્યા છે. વેદાદિમાં બતાવેલ સાધનો દ્વારા કરાતી ભક્તિ સામાન્યતઃ **'મર્યાદાભક્તિ'** તરીકે પ્રસિધ્ધ છે. મહાભારત ઈત્યાદિ સ્મૃતિગ્રંથોમાં 'ભક્તિ'ને પરમાત્માને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન બતાવવામાં આવ્યું છે. ગીતામાં સ્વયં ભગવાન શ્રી કૃષ્ણે ભક્તિનો મહિમા ગાયો છે, તો ભાગવત તો ભક્તિનો જ ગ્રંથ છે. તેમાં 'નવધાભક્તિ'નો ઉલ્લેખ મળે છે, અને તેના દ્વારા પ્રાપ્ત થતી વિવિધ પ્રકારની મુક્તિનું નિરૂપણ પણ કરવામાં આવ્યું છે. તેથી શંકરાચાર્યજી પછીના આચાર્યોએ 'ભક્તિમાર્ગ'નું ભગવદ્ પ્રાપ્તિ માટેના સાધન તરીકે પ્રવર્તન કર્યું છે. તે પછી પંદરમી શતાબ્દિમાં પાદુર્ભત શ્રી વલ્લભાચાર્યજીએ 'ભક્તિ'નો એક વિશિષ્ટ દૃષ્ટિકોણ પ્રસ્તુત કર્યો, જે 'પુષ્ટિભક્તિ'ના નામથી જાણીતો થયો છે.

*

## • શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન

શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન સામાન્યતઃ **'શુદ્ધાદ્વૈત વેદાંત'** તરીકે ઓળખાય છે. તે મુખ્યત્વે ચાર શાસ્ત્રો- **વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો** અને **ભાગવત,** જે સામૂહિક રૂપે **'પ્રમાણ ચતુષ્ટય'** તરીકે પ્રસિધ્ધ છે, તેની **'એકવાક્યતા'**ના આધારે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ બધા જ શાસ્ત્રો ભગવદ્વાણી હોવાથી તેને **'શબ્દપ્રમાણ'** તરીકે શ્રી વલ્લભાચાર્યજીએ સ્વીકાર્યા છે. બ્રહ્મ જેવા ઈન્દ્રિયાતિત વિષયો માટે **'પ્રત્યક્ષ'** આદિ પ્રમાણો

કારગત નીવડી શકે નહીં, માટે તેમણે વેદાદિ 'શબ્દપ્રમાણો'ને મહત્ત્વ આપ્યું છે. એ સંદર્ભમાં ભારતીય 'તત્ત્વવેત્તા' ડૉ. રાધાકૃષ્ણન પણ લખે છે કે-

**"The Authoritatives of the Vedas in regard to the matter stated in them is independant and direct; just as the light of the Sun is direct means of our knowledge of the form and colour. The Vedas are authoritative utterances of inspired seers as claiming contact with transcendantal truth. They are statements of their metaphysical experiences. Smruti will have to be reckoned with Sruti and should be consistant with it."**

શ્રી વલ્લભાચાર્યજીએ પોતાની વિચારધારા-સિધ્ધાંતો સમજાવવા અનેક ગ્રંથોની રચના કરી છે પરંતુ તેમનું 'તત્ત્વદર્શન' મુખ્યત્વે, તેમણે રચેલા ચાર ગ્રંથો - (૧) **અણુભાષ્ય,** (૨) **તત્ત્વાર્થદિપનિબંધ,** (૩) **ષોડશગ્રંથો** અને **(૪) સુબોધિની**માં ઉપલબ્ધ છે. તત્ત્વાર્થદિપનિબંધ, જે **'નિબંધ'**ના નામથી પણ ઓળખાય છે, તે તેમનો મૌલિક ગ્રંથ છે, જેમાં તેમણે સ્વતંત્રપણે ગીતા, ભાગવત અને અન્ય સર્વે શાસ્ત્રોના આધારે પોતાની વિચારધારા- **'શુદ્ધાદ્વૈત'** મત અર્થાત્ 'બ્રહ્મવાદ'નું પ્રતિપાદન કર્યું છે. માટે શ્રી વલ્લભાચાર્યજીના 'તત્ત્વદર્શન'ને યથાર્થરૂપે જાણવા-સમજવા માટે આ ચારેય ગ્રંથો અતિ મહત્ત્વના છે. **'પુષ્ટિમાર્ગ'** જેને તેમનું **'ધર્મદર્શન'** કહી શકાય, તેનો આધાર પણ તેમણે રચેલા આ ગ્રંથો છે. પુષ્ટિમાર્ગની **'સાધના પ્રણાલી'** પણ તેમણે આ ગ્રંથોમાં પ્રતિપાદિત કરેલા સિધ્ધાંતોને અનુલક્ષીને ઘડી છે. તેથી 'પુષ્ટિમાર્ગ' વિશેનું ચિંતન આ ગ્રંથોમાં તેમણે કરેલી આજ્ઞાઓને અનુરૂપ જ કરી શકાય.

શંકરાચાર્યજીના સૂત્ર - **'બ્રહ્મ સત્ય, જગન્મિથ્યા, જીવનો બ્રહ્મથી અભેદ છે'** થી વિપરીત શ્રી વલ્લભાચાર્યજી કહે છે- **'બ્રહ્મ સત્ય છે, જગત પણ સત્ય છે, સંસાર મિથ્યા છે અને જીવ બ્રહ્મનો અંશ છે.'** શ્રુતિવાક્ય **'એકમેવાદ્વિતિયમ્'**ના આધારે જ શ્રી વલ્લભાચાર્યજી પોતાના **'બ્રહ્મવાદ'**ના સિધ્ધાંતને પ્રતિપાદિત કરતાં કહે છે કે 'બ્રહ્મ' એક માત્ર એવું



તત્ત્વ છે જેનું આ બ્રહ્માંડમાં સર્વત્ર અસ્તિત્વ છે. આ સૃષ્ટિમાં 'બ્રહ્મ' સિવાય અન્ય કોઈ 'તત્ત્વ'ની સત્તા નથી. અન્ય શ્રુતિ કહે છે- **'સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મ'**, અર્થાત્ આ સર્વ કાંઈ જે દેખાય છે તે 'જગત' પણ સાચેસાચ 'બ્રહ્મ' જ છે. આ સૃષ્ટિમાં જે કાંઈ દૃષ્ટિગોચર થાય છે તે બધું જ 'બ્રહ્મ' છે. તેઓ પોતાના નિબંધગ્રંથમાં કહે છે 'શ્રી હરિ જ માત્ર **'પ્રમેય'** છે અર્થાત્ જાણવા યોગ્ય 'તત્ત્વ' છે. તેમના મતે બ્રહ્મે પોતે જ પોતાનામાંથી આ જગતની રચના કરી છે, અથવા બ્રહ્મ પોતે જ આ જગતરૂપે પરિણમિત થયા છે. તેથી 'બ્રહ્મ' અને 'જગત' બે જુદા તત્ત્વો નથી. પરંતુ બન્ને એક જ છે, તેમાં તાદાત્મ્ય સંબંધ છે, બન્નેમાં અભેદ છે, માત્ર તેના સ્વરૂપો જુદા જુદા છે. એક આધિદૈવિક છે, બીજું આધિભૌતિક છે. આનો સીધો અર્થ એ થાય કે 'બ્રહ્મ' અને 'જગત' અભિન્ન છે. બન્ને વચ્ચે 'અદ્વૈતપણુ' રહેલું છે.

આ તથ્યને સમજાવવા તેઓ સોનાની લગડી અને તેમાંથી ઘડાતાં આભૂષણોનું ઉદાહરણ આપે છે. સોનાની લગડી જુદા જુદા આભૂષણોનું રૂપ ધારણ કરવા છતાં તેમાં સોનાનું 'તત્ત્વ' અકબંધ રહે છે. અર્થાત્ આભૂષણોમાં નામ અને રૂપ બદલાવા છતાં તે 'સોનું' જ રહે છે. જો આમ ન હોત તો લોકો સોનું ખરીદવા આભૂષણોની ખરીદી ન કરતાં હોત. તેવી જ રીતે બ્રહ્મે જગતમાં વિવિધ રૂપ-નામ-કર્મ ધારણ કરેલા હોવા છતાં તે સર્વમાં 'બ્રહ્મ તત્ત્વ' વિદ્યમાન જ રહેલ છે. સામાન્ય રીતે આપણે કહેતાં હોઈએ છીએ કે કણ કણમાં ભગવાનનો વાસ છે. અનેક પુરાણ કથાઓમાં આ તથ્યના પુરાવા આપણને સાંપડે છે. આમ સર્વત્ર માત્ર બ્રહ્મનું જ અસ્તિત્વ હોવાના કારણે, એટલે કે બ્રહ્મ અને જગત વચ્ચે 'અદ્વૈત' સંબંધ હોવાને લીધે, શ્રી વલ્લભાચાર્યજીની વિચારધારા **'બ્રહ્મવાદ'**ના નામથી ઓળખાય છે. બ્રહ્મનું જગત રૂપે પરિણમિત થવાનું કારણ બ્રહ્મની સ્વયમ્‌ની ઈચ્છા જ રહેલી છે. તે સિવાય અન્ય કોઈ તત્ત્વ તેમાં નિમિત્ત, માધ્યમ કે કારણરૂપ નથી. તેથી બ્રહ્મ અને જગત વચ્ચેનું અદ્વૈત **'શુદ્ધ'** છે. માટે જ તેમના મતને **'શુદ્ધાદ્વૈત'** પણ કહે છે. આમ શ્રી વલ્લભાચાર્યજીનું 'તત્ત્વદર્શન' એ **'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'** છે. ❊

## • ગીતા–વલ્લભ તત્ત્વદર્શનનો મૂલભૂત આધાર

શ્રી વલ્લભાચાર્યજીએ નિબંધમાં પોતાના તત્ત્વદર્શનનો આધાર સ્વયં ભગવદ્‌વાણીને બનાવી છે. તે ભગવદ્‌વાણી છે- **"એકમ્ શાસ્ત્રમ્ દેવકીપુત્ર ગીતમ્, એકોદેવો દેવકી પુત્ર એવ, મંત્રોપ્યેકમ્ તસ્યનામાનિ યાનિ, કર્માપ્યેકમ્ તસ્ય દેવસ્ય સેવા."** (શા.પ્ર.૪)

ભારત પરિક્રમા દરમ્યાન ઉત્કલ-નરેશની ઐતિહાસિક ધર્મસભામાં શ્રી વલ્લભાચાર્યજી પધાર્યા ત્યારે ત્યાં વિવાદ ચાલી રહ્યો હતો કે મુખ્ય શાસ્ત્ર કયું, મુખ્ય દેવ કોણ, મુખ્ય મંત્ર કયો, અને મુખ્ય કર્તવ્ય શું ? તેના ઉકેલ તરીકે ઉપરોક્ત શ્લોક સ્વયં ભગવાન શ્રી જગન્નાથજીએ આપ્યો હતો. તેમાં ખુલાસો કર્યો હતો કે 'ગીતા' સૌથી મોટું શાસ્ત્ર છે, સૌથી મોટા દેવ 'ભગવાન શ્રીકૃષ્ણ' છે, તેમનો નામોચ્ચાર (અષ્ટાક્ષર મંત્ર)એ 'મહાન મંત્ર' છે અને તેમની 'સેવા' એ જ મનુષ્યનું પરમ કર્તવ્ય છે.

તેથી શ્રી વલ્લભાચાર્યજીએ નિબંધ ગ્રંથમાં ઉપરોક્ત શ્લોકને ટાંકીને ભગવાન શ્રીકૃષ્ણે ગાયેલી ગીતાને આધાર બનાવી, આ ગ્રંથનું પ્રથમ પ્રકરણ **'શાસ્ત્રાર્થ પ્રકરણ'** રચ્યું છે. તેના પાયામાં ગીતાનું તત્ત્વજ્ઞાન હોવાથી, તેને **'ગીતાર્થ પ્રકરણ'** પણ કહેવાય છે. કેટલાક લોકો આલોચના કરતાં હોય છે કે વલ્લભ સંપ્રદાયમાં ગીતાને મર્યાદામાર્ગીય ગ્રંથ ગણી તેનો અનાદર કરવામાં આવે છે, પરંતુ તે આક્ષેપ ઉપરોક્ત ખુલાસાથી નિર્મૂળ સાબિત થાય છે. આ ગ્રંથમાં જ વધુ સ્પષ્ટતા કરતાં શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે કે 'ગીતા' અને 'ભાગવત' બન્ને પરસ્પર આધારિત હોઈ, અર્થાત્ ગીતાના જ્ઞાનને જ ભાગવતમાં ઉજાગર કરવામાં આવેલું હોઈ, પારસ્પારિક રીતે તે પ્રમાણ છે. ગીતા સ્વયં ભગવાન શ્રીકૃષ્ણની તેમના સખા અને શિષ્ય અર્જુનને કહેલ પ્રત્યક્ષ વાણી હોવાના કારણે તે **'ઉપનિષદ'**વત્ છે. તેથી જ તો તેને **'મુખ્ય શાસ્ત્ર'** કહ્યું છે.

✻

## • શ્રી વલ્લભાચાર્યજીના મુખ્ય ગ્રંથો

શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના તાત્વિક સિધ્ધાંતોના ખુલાસા



પોતાના ગ્રંથોમાં કર્યા છે, જેમાંના મુખ્ય ચાર ગ્રંથો વિશિષ્ટ છે, - (૧) **ષોડશ ગ્રંથો** - જે તેમણે પોતાના અનુયાયીઓને પુષ્ટિમાર્ગ પર ચાલવા માટે માર્ગદર્શન આપવા રચેલા સોળ લઘુ ગ્રંથોનો સમૂહ છે. આ ગ્રંથોમાં તેમણે મુખ્યત્વે ચાર વિષયોની છણાવટ કરી છે - **ભક્તિ, શરણાગતિ, સમર્પણ** અને **સેવા**, જે તેમના **'ધર્મદર્શન'-'પુષ્ટિમાર્ગ'**નો પાયાગત આધાર છે. (૨) **સુબોધિની** - તે તેમણે કરેલી ભાગવતની વિસ્તૃત વ્યાખ્યા છે, જે ભાગવતના સૂક્ષ્મ મર્મને સમજવા અતિ ઉપયોગી ગ્રંથ છે. તે ભાગવતના પ્રથમ ત્રણ સ્કંધ, દશમો સ્કંધ તથા એકાદશ સ્કંધના ચાર અધ્યાયો ઉપર જ ઉપલબ્ધ છે. (૩) **તત્વાર્થદીપ નિબંધ** - આ શ્રી વલ્લભાચાર્યજીનો મૌલિક ગ્રંથ છે, જે કોઈ વિશેષ શાસ્ત્ર પર આધારિત નથી પરંતુ આ ગ્રંથમાં તેમણે પોતાના તાત્વિક વિચારોને બધા જ શાસ્ત્રોના પ્રમાણના આધારે રચ્યો છે. તે ત્રણ પ્રકરણોમાં વિભાજીત છે. **'શાસ્ત્રાર્થ પ્રકરણ'** અથવા **'ગીતાર્થ પ્રકરણ'**, જેનો મૂળ આધાર 'ગીતા' છે, **'સર્વનિર્ણય પ્રકરણ'**, જે અન્ય બીજા શાસ્ત્રો- વેદોપનિષદ, મીમાંસા, રામાયણ, મહાભારત ઈત્યાદિના આધારે રચવામાં આવ્યું છે, અને **'ભાગવતાર્થ પ્રકરણ'**, જેમાં ભાગવતના **શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ** તથા **અધ્યાયાર્થ** સમજાવવામાં આવ્યા છે. ભાગવતના **શ્લોકાર્થ, શબ્દાર્થ** અને **અક્ષરાર્થ**ના ખુલાસા શ્રી વલ્લભાચાર્યજીએ 'સુબોધિની'માં કર્યા છે. (૪) **અણુભાષ્ય** - ઉપનિષદના આધારે વ્યાસજીએ રચેલા **'બ્રહ્મસૂત્રો'** જે **'વેદાંત સૂત્રો'** પણ કહેવાય છે, તેના પર શ્રી વલ્લભાચાર્યજીએ રચેલા 'ભાષ્ય'ને **'અણુભાષ્ય'** કહે છે. તેમાં વેદાંત સૂત્રોની તર્કયુક્ત છણાવટ કરી હોવાથી તેને **'વલ્લભવેદાંત'** પણ કહેવાય છે. તેમની તાત્વિક વિચારધારા સમજવા માટે આ ખૂબ જ મહત્ત્વનો અને ઉપયોગી ગ્રંથ ગણાય.

✻

## • શુદ્ધાદ્વૈત વિચારધારા

શ્રી વલ્લભાચાર્યજીની તાત્વિક વિચારધારા **'અખંડ બ્રહ્મવાદ'** અથવા **'સાકાર બ્રહ્મવાદ'**ના નામની પ્રસિદ્ધ છે, જે 'બ્રહ્મ' અને 'જગત' વચ્ચેના

'શુદ્ધ અદ્વૈત' સ્વરૂપને પ્રતિપાદિત કરતી હોવાથી તે 'શુદ્ધાદ્વૈત દર્શન' પણ કહેવાય છે. આ વિચારધારાનું મૂળ તેમણે સ્વીકારેલ કરેલ ચાર મૂળભૂત પ્રમાણો- **વેદ, ગીતા, બ્રહ્મસૂત્રો** તથા **ભાગવત** - એ **'પ્રમાણ ચતુષ્ટય'** છે, પરંતુ તેમની વિચારધારાના પાયામાં કેટલાક વિશિષ્ટ સિધ્ધાંતો રહેલા છે, જે નીચે મુજબ છે-

૧. બ્રહ્મવાદ.
૨. સત્-કારણતાવાદ.
૩. સત્-કાર્યવાદ.
૪. અભિન્ન નિમિત્તોપાદાન કારણતાવાદ.
૫. અવિકૃત પરિણામવાદ.
૬. આવિર્ભાવ-તિરોભાવવાદ.
૭. તાદાત્મતાવાદ.
૮. વિરુદ્ધ-ધર્માશ્રયતાવાદ.
૯. લીલાર્થ સૃષ્ટિવાદ.

ઉપરોક્ત વાદોની ચર્ચા શ્રી વલ્લભાચાર્યજીઓ પોતાના વિશિષ્ટ ગ્રંથો - **'નિબંધ'** તેમ જ **'અણુભાષ્ય'**માં વિસ્તારથી કરી છે.

*

## • ઈશ્વર વિશે વિભિન્ન માન્યતા

ઈશ્વર વિશે જગતમાં બે પ્રકારના મત પ્રવર્તે છે. કેટલાક તેના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, બીજાઓને તેની જરૂર જણાતી ન હોઈ તેનો ઈન્કાર કરે છે. બીજા વર્ગમાં ભૌતિકસુખવાદીઓ, જડવાદીઓ અને નીતિવાદીઓ આવે છે. ભારતમાં **'ચાર્વાક'** લોકો આજ પ્રકારના છે તેઓની માન્યતા પ્રમાણે કોઈ પણ રીતે મનુષ્યે જીવન ભોગવિલાસમાં વ્યતીત કરવું જોઈએ. **'ખાઓ, પીઓ અને મોજ કરો'** એ તેમનું સૂત્ર છે. આત્મા, પરમાત્મા પૂનર્જન્મ ઈત્યાદિ નિરર્થક વાતો છે. ભૌતિક સુખવાદીઓનો આવો જ મત છે. જડવાદીઓ કહે છે કે જે વિશ્વ આપણે જોઈએ છીએ તે જડ છે, અને 'ઈશ્વર' જો ચેતન છે તો તેમાંથી જડ શી રીતે



ઉત્પન્ન થાય? આથી તેમને ઈશ્વરને માનવાની જરૂર જણાતી નથી. નીતિવાદીઓ એમ માને છે કે મનુષ્ય જો સદાચાર કે નીતિપ્રમાણે જીવન ગાળતો હોય તો તેને ઈશ્વરની જરૂર નથી. મુખ્યત્વે પાશ્ચાત્ય વિચારધારા આ પ્રકારની છે, જેને અનુમોદન આપનારો બહોળો વર્ગ ભારતમાં પણ છે.

ભારતીય દર્શનોમાં પણ ઈશ્વર વિશે વિભિન્ન વિચારો પ્રવર્તે છે. બુધ્ધે ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકાર્યું નથી. જૈનમાં પણ જગતના સર્જક તરીકે કોઈ ભગવાન નથી, પ્રત્યેક મુમુક્ષુ ભગવાન (તીર્થંકર)નું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. કર્મવાદી મીમાંસકો કર્મને જ ઈશ્વર માને છે, તો જ્ઞાનીઓ કેવલ 'જ્ઞાન'ને જ. સાંખ્યદર્શન 'પ્રકૃતિ' (અચિત્-જડ) અને 'પુરુષ' (ચિત્-જીવાત્મા)ને મૂળ તત્ત્વો માને છે, જે સૃષ્ટિના કારણરૂપ છે. યોગવાદીઓ સાંખ્યને અનુસરે છે છતાં ચિત્તવૃત્તિના નિરોધ માટે ઈશ્વરના આલંબનનો સ્વીકાર કરે છે. ન્યાય-વૈશેષિકો જગતની ઉત્પત્તિ 'પરમાણુ'માંથી થયેલી બતાવે છે છતાં તેઓ ઈશ્વરને નિમિત્ત કારણરૂપ સ્વીકારે છે. શંકરાચાર્યજી 'બ્રહ્મ' તત્ત્વનો સ્વીકાર કરે છે છતાં તેને **'પરબ્રહ્મ'** અને **'અપરબ્રહ્મ'** એમ બે પ્રકારના - એક **'મૂળ તત્ત્વ'** અને બીજું **'માયા વિશિષ્ટ'** હોવાનું બતાવે છે. અપરબ્રહ્મ રૂપે વિવિધ દેવો ઉપાસના માટે છે તેમ તેઓ કહે છે. 'કૃષ્ણ' તેમના મતે 'પરબ્રહ્મ' નથી, પરંતુ 'માયા વિશિષ્ટ' બ્રહ્મ છે.

ઉપરોક્ત સર્વ વિચારોનો નિષ્કર્ષ કાઢતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે તેમાંના વિવિધ દાર્શનિક વિચારો સાવ અપ્રમાણિક નથી, પરંતુ અપૂર્ણ છે. તેમની માન્યતા દૂરાગ્રહો અને પૂર્વગ્રહોયુક્ત હોવાથી તે મિથ્યા થઈ શકે છે, પરંતુ 'વાણી' તો તે અનન્તમૂર્તિ બ્રહ્મની જ વિવિધ મૂર્તિઓનું વર્ણન કરે છે, તેથી તે બધી વિચારધારાઓ **અંશતઃ** સત્ય છે.

*

## • બ્રહ્મતત્ત્વ

આ સૃષ્ટિના કારણરૂપ જે 'પરમતત્ત્વ' **(Ultimate Reality)** અસ્તિત્વ ધરાવે છે તેને વેદમાં 'બ્રહ્મ' તરીકે ઓળખાવ્યું છે. 'બ્રહ્મ'નો અર્થ થાય 'વ્યાપક'. તે તત્ત્વને શ્રુતિ 'એકમેવાદ્વિતિયમ' - માત્ર એક જ અને

બીજું નહીં (one without second) કહે છે. ભાગવતમાં પણ ભગવાન કહે છે- **અહમેવાસમેવાગ્રે નાન્યદ્ યત્ સદસત્ પરમ્** (ભા-૨-૯.૩૨) અર્થાત્ 'સૃષ્ટિ ઉત્પન્ન થયા પહેલા શરૂમાં હું એકલો જ હતો.' તેની પોતાની અનેકરૂપ થવાની ઈચ્છાથી આ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી છે.

એ બ્રહ્મ તત્ત્વનું ઉપનિષદોમાં અનેક પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે. **'સત્યં જ્ઞાનં અનંત બ્રહ્મ'** કહી તેનું 'સ્વરૂપલક્ષણ' બતાવ્યું છે, તો **'જન્માદ્યસ્ય યતઃ'** કહી બ્રહ્મસૂત્રકાર તેનું કાર્યલક્ષણ બતાવે છે, અર્થાત્ જેમાંથી આ જગત ઉત્પન્ન થયું છે, સ્થિતિ કરે છે અને જેમાં લય પામે છે તે 'બ્રહ્મ' છે. બ્રહ્મ સર્વધર્મ 'વિશિષ્ટ' છે, અર્થાત્ વ્યાપક, અવ્યય, સર્વશક્તિવાળુ, સ્વતંત્ર, સર્વજ્ઞ અને 'નિર્ગુણ' એટલે પ્રાકૃત ધર્મરહિત છે, પરંતુ ઐશ્વર્ય, વિર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા દિવ્ય ગુણોવાળા હોઈ તે 'સગુણ' પણ છે. તે લૌકિક-પ્રાકૃત આકાર રહિત હોવાથી 'નિરાકાર' છે, પરંતુ આનંદાકાર, રસાકાર હોઈ 'સાકાર' પણ છે. બ્રહ્મના સર્વ અંગો રસરૂપ છે. તે સધર્મક તેમ જ નિર્ધમક બન્ને છે. બ્રહ્મ અણુથી પણ અણુ છે તો મહાનથી પણ મહાન છે. તે કૂટસ્થ, અચલ છે છતાં ચલ પણ છે, અકર્તુ અને કર્તુ, અવિભક્ત અને વિભક્ત, અગમ્ય અને ગમ્ય એવા અનેક વિરોધાભાસી ધર્મો તેમાં રહેલા છે અને તેથી બ્રહ્મસૂત્રકાર પણ તેનું 'વિરુદ્ધ ધર્માશ્રયત્વ' બતાવે છે. તે આત્મારામ હોવા છતાં રમણ કરે છે, તે પૂર્ણકામ હોઈ તેની બધી ઈચ્છાઓ પૂર્ણ થયેલી છે, છતાં ભક્તની કામના પૂર્ણ કરવા તે કામથી, ઈચ્છાથી દુઃખી પણ થાય છે. તે આપ્તકામ છે છતાં લૌકિકમાં જેમ આનંદ માટે ખેલ કરવામાં આવે તેમ પોતાના આનંદ માટે 'લીલા' કરવા આ સૃષ્ટિનું તેણે સર્જન કર્યું છે.

એવું **'બ્રહ્મતત્ત્વ'** વેદોપનિષદ અનુસાર આ સૃષ્ટિનું કારણરૂપ છે.

*

## • સાકાર બ્રહ્મવાદ

ઉપનિષદમાં 'એકમેવાદ્વિતિયમ્' બ્રહ્મને **'સચ્ચિદાનંદ'** કહ્યા છે. તે કેવળ 'સત' માત્ર જ નથી પરંતુ 'ચિત્' અને 'આનંદ' તત્ત્વો પણ તેમાં



રહેલા છે. એ ત્રણેય તત્ત્વો- **સત્, ચિત્** અને **આનંદ** તેમાં અસિમીત (abundant) માત્રામાં છે. તે દેશ-કાળ-દ્રવ્ય અપરિચ્છિન્ન છે, તેની અસીમ સત્તા અને ચેતનામાં કોઈ વિસંવાદિતા (disharmony) નથી. **દેશ-કાળ-દ્રવ્ય** તેની સત્તાના ત્રણ પહેલુ છે, જે સ્વતંત્ર નથી. એટલે કે દ્રવ્ય (matter) બ્રહ્મથી ભિન્ન નથી પરંતુ તે બ્રહ્મની સત્તાનું જ રૂપ છે. કાળ (time) પણ બ્રહ્મથી ભિન્ન નથી પરંતુ તે બ્રહ્મની ક્રિયાશીલ થવાની ચેષ્ટા છે. 'દેશ' (space) દ્રવ્યની અન્તર્ગત જ છે, સ્વતંત્ર નથી. આમ 'દ્રવ્ય' અને 'કાલ' જેમ 'સદંશ' છે તેમ 'કર્મ' (kinetic-energy) અને 'સ્વભાવ' (potential energy) પણ બ્રહ્મની જ અદૃશ્ય સત્તા છે. આ કર્મ અને સ્વભાવ (kinetic as well as potential energy) ના કારણે 'કાલ'માં 'દ્રવ્ય' ગતિશીલ અથવા સ્થિતિશીલ બને છે, (આને ન્યુટનના સિધ્ધાંતના સંદર્ભમાં મૂલવી શકાય.) એ રીતે જોતાં બ્રહ્મની સત્તાના ચાર પાસાં છે- (૧) **દ્રવ્ય**, (૨) **કાલ**, (૩) **કર્મ** અને (૪) **સ્વભાવ**. 'સત્' તત્ત્વના આ ચારેય પાસા સ્વયં સંચાલિત નથી પરંતુ **'સચ્ચિદાનંદ બ્રહ્મ'**ના ચિદંશરૂપ ચેતના દ્વારા સંચાલિત હોય છે. તે 'સદંશ'ની અંદર છુપાયેલ હોવાથી બહાર તેનો અનુભવ થતો નથી. પરમાત્મા તેને બહારથી નહીં પરંતુ અંદરથી સંચાલિત કરે છે. માટે જ ઉપનિષદ કહે છે- **''જે ભૌતિક પદાર્થોમાં સ્થિત છે, જેને કોઈ ભૌતિક પદાર્થ જાણી શકતું નથી, જે બધા ભૌતિક પદાર્થોના શરીરની માફક, તેની અંદર રહીને તે સર્વનું નિયમન-સંચાલન કરે છે તે આત્મા-અંતર્યામી અમૃત છે.''**

ભૌતિક પદાર્થોમાં બ્રહ્મનું **'સત્'** તત્ત્વ જ પ્રગટ (manifested) રૂપમાં હોય છે, જ્યારે **'ચિત્'** તત્ત્વ છુપાયેલું (concealed) હોય છે. પરંતુ પ્રાણિસૃષ્ટિમાં 'સત્તા' અને 'ચેતના' બન્ને અંશતઃ પ્રગટ હોવાથી તેમને તેમના અસ્તિત્ત્વનું ભાન રહે છે. આમ જગતના સર્વ પદાર્થો અને જીવાત્મામાં બ્રહ્મની અંશરૂપ 'ચેતના' (consciousness) કાર્ય કરે છે- ક્યાંક પ્રગટરૂપમાં કે ક્યાંક છુપાઈને. દ્રવ્યનું બીજું નામ જ **'પ્રકૃતિ'** છે જેમાં બ્રહ્મનું ચૈતન્ય અપ્રગટ હોય છે. આમ **કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ** અને

**પુરુષ** રૂપે સચ્ચિદાનંદ બ્રહ્મની ચેતના સમગ્ર સૃષ્ટિમાં નિજાનંદની ઉપલબ્ધિની દિશામાં સંચાલિત થાય છે. તેથી જ ઉપનિષદ કહે છે- **''આ સર્વ જડ-ચેતન રૂપ તત્ત્વો તે (બ્રહ્મરૂપ) આનંદમાંથી પ્રગટ થયા છે, તે આનંદમાં સ્થિત રહે છે અને પૂનઃ તે આનંદમાં લીન થઈ જાય છે. તે આનંદને ઓળખો - તે આનંદ જ 'બ્રહ્મ' છે.''**

બ્રહ્મ જ્યારે પોતાની સત્તાની અનેક સંભાવનાઓ પ્રતિ, તેની પોતાની ચેતનાઓમાં સચેત **(conscious)** બને છે તો ઘનભૂત પ્રક્રિયાઓ **(solidification)** દ્વારા 'સાકાર' બની જાય છે. તેવી જ રીતે બ્રહ્મના આનંદ તત્ત્વનું પણ ઘનભૂત પ્રક્રિયાઓ દ્વારા વિશિષ્ટ આકાર ઊભરી આવે છે. ઘનરૂપ ધારણ કરેલું બ્રહ્મનું 'સત્' તત્ત્વ એ આ **'ક્ષર જગત'** છે જ્યારે તે ઘનભૂત બનેલુ સાકાર આનંદ સ્વરૂપ ક્ષર-અક્ષરથી અતીત એવા **'પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ'** છે. (સાભારઃ સાકાર બ્રહ્મવાદ - ગો. શ્રી શ્યામ મનોહરજી)

આમ જડ અને ચેતન પ્રત્યેકના ભીતર આનંદ અપ્રગટરૂપે રહેલ હોય છે, જે તેની અંદર રહી તેનું નિયમન કરે છે. તેને જ **'અંતર્યામી'** કહે છે. જીવની જ્ઞાન અને ક્રિયા શક્તિનું નિયંત્રણ પણ એજ પરમાત્મારૂપ અંતર્યામી કરે છે. તે જ મનુષ્યના જ્ઞાન, ઈચ્છા, પ્રયત્ન, કૃતિ તેમ જ સુખ-દુખનો અનુભવ કરાવે છે. બાહર **'સમષ્ટિ'** રૂપે અને પ્રાણીમાત્રના ભીતર **'વ્યષ્ટિ'** રૂપે પરમાત્મા-બ્રહ્મ જ અસ્તિત્વ ધરાવે છે, સંચાલન તથા નિયમન કરે છે. પ્રત્યેક નામ-રૂપ-કર્મ તરીકે તે બ્રહ્મ જ વ્યાપ્ત છે. વેદોપનિષદના અનેકાનેક કથનોથી આ વાત સ્પષ્ટ થાય છે. ભાગવત પણ કહે છે-**જ્યાં, જેના થકી, જેનાથી, જેનું, જે તે પ્રયોજનવશ, જેના માટે, જે કાંઈ, જેવી રીતે, જ્યારે થાય છે તે પ્રકૃતિ હોય કે પુરુષ હોય કે પરમેશ્વર હોય, જે કાંઈ છે તે બધું જ ભગવાન પોતે જ છે,** (ભા. ૧૦-૮૨). શ્રુતિ 'બ્રહ્મ' માટે **'રસો વૈ સઃ'** કહે છે. તે આનંદાકાર છે, રસાકાર છે. માટે જ શ્રી વલ્લભાચાર્યજીની તાત્વિક વિચારધારા **'સાકાર બ્રહ્મવાદ'** કહેવાય છે.

*



## • પરમ તત્ત્વ શ્રીકૃષ્ણ

શ્રી વલ્લભાચાર્યજી 'નિબંધ' ગ્રંથની શરૂઆતમાં જ એક મહત્વનો ખુલાસો કરે છે કે- ''જેને શ્રુતિ (વેદાદિ શાસ્ત્રો)માં **'બ્રહ્મ'** કહ્યા છે, સ્મૃતિ (ગીતા વગેરે)માં **'પરમાત્મા'** કહ્યા છે અને ભાગવત વગેરે પુરાણોમાં **'ભગવાન'** તરીકે સંબોધિત કરવામાં આવ્યા છે તે બધા જ નામો **'પરબ્રહ્મ'**નો જ નિર્દેશ કરે છે. તત્ત્વતઃ તે ત્રણેય શબ્દો 'બ્રહ્મ'ના અર્થમાં જ કહેવામાં આવ્યા છે. અર્થાત્, ભગવાન 'શબ્દ' ભાગવત આદિમાં બ્રહ્મના જ અર્થમાં વપરાયો છે. ભાગવત કહે છે- **''એતેચાંશ કલા પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયંમ્''** (ભાગવત-૧/૩/૨૪), અર્થાત્ વિવિધ અવતારો - મત્સ્ય, વરાહ, નૃસિંહ, વામન, રામ, બુધ્ધ ઈત્યાદિ સર્વે ભગવાનના અંશ, કલા વિભૂતિરૂપ છે, જ્યારે 'કૃષ્ણ' એ અવતારી સ્વયં ભગવાન છે. કૃષ્ણ 'અવતાર' નથી. કૃષ્ણસ્વરૂપે તેઓ પૂર્ણ પુરુષોત્તમ છે, પૂર્ણાનંદ છે. ભગવાને લીધેલા અન્ય અવતારોમાં જે તે કાર્યો કે લીલા માટે તેમણે તદનુરૂપ સામર્થ્ય ધારણ કર્યું હતું, પરંતુ સારસ્વત કલ્પમાં 'કૃષ્ણ' સ્વરૂપે 'સર્વભવન સામર્થ્ય' સાથે તેઓ અવતરીત થયા હતાં.

**'કૃષ્ણ'** શબ્દની વ્યુત્પત્તિ કરતાં શ્રુતિમાં કહ્યું છે કે **'કૃષ'** શબ્દ 'સત્તાવાચક' છે, જ્યારે **'ણ'** શબ્દ 'આનંદ વાચક' છે. અર્થાત્ 'કૃષ્ણ' શબ્દનો અર્થ- તે એવું તત્ત્વ છે જે **'સદાનંદ'** છે. શંકરાચાર્યજી સ્વયં પોતાની 'વિષ્ણુસહસ્ત્ર' ઉપર લખેલી ટીકામાં 'કૃષ્ણ' શબ્દનો અર્થ કરતાં કહે છે- **''કૃષિર્ભૂવાચક શબ્દો, ણશ્ચ નિવૃત્તિવાચકઃ, વિષ્ણુસ્તભ્દાવ યોગાશ્ચ કૃષ્ણો ભવતિ શાશ્વતઃ ઈતિ વચનાત્ સચ્ચિદાનંદાત્મકઃ કૃષ્ણઃ''** આમ કૃષ્ણ સચ્ચિદાનંદ છે, તેની પુષ્ટિ તેઓ કરે છે. તેમના જ મતાનુસારી મધુસુદન સરસ્વતિ પણ તેમની ગીતાના છેલ્લા શ્લોકની ટીકામાં કહે છે- **''કૃષ્ણાત્ પરં કિમપિ તત્ત્વમહં ન જાને''** અર્થાત્ શ્રીકૃષ્ણથી ઉત્તમ બીજું શું તત્ત્વ છે તે હું જાણતો નથી. અર્વાચિન ચિંતક રજનીશે પણ શ્રીકૃષ્ણને **'પૂર્ણ પુરુષોત્તમ'** તરીકે બિરદાવ્યા છે.

આમ બ્રહ્મ - પરમાત્મા - ભગવાન અને કૃષ્ણ એ એક જ પરમોચ્ચ

તત્ત્વનો નિર્દેશ કરાંતા વિવિધ શબ્દો છે માટે જ, અનેક શાસ્ત્રીય પ્રમાણોના આધારે શ્રી વલ્લભાચાર્યજીએ **'શ્રીકૃષ્ણ'**ને જ સેવ્ય, આરાધ્ય, ભજનીય સ્વરૂપ તરીકે સ્વીકારી તેમની સેવાનો ઉપદેશ આપ્યો છે.

શ્રીકૃષ્ણ એજ 'પુરુષોત્તમ' છે તેનું પ્રમાણ ગીતામાં સ્વયં ભગવાનના વચનથી મળે છે, જ્યાં તેઓ કહે છે- **''અતોસ્મિ લોકે વેદેચ, પ્રથિતઃ પુરુષોત્તમઃ''** (ગીતા-૧૫/૧૮), અર્થાત્ 'લોક અને વેદમાં હું જ **'પુરુષોત્તમ'** નામથી પ્રસિધ્ધ છું.' માટે જ શ્રી વલ્લભાચાર્યજી બ્રહ્મના મૂળસ્વરૂપ અથવા આધિદૈવિક સ્વરૂપ તરીકે 'પુરુષોત્તમ' અથવા 'શ્રીકૃષ્ણ'ને પ્રતિપાદિત કરે છે.

ભગવાનનો અર્થ જ છે- **'ભગવાળા'**. ભગ એટલે ધર્મો-ગુણ. ભગવાનમાં **ઐશ્વર્ય**, **વીર્ય**, **યશ**, **શ્રી**, **જ્ઞાન** અને **વૈરાગ્ય** એ ષડગુણ રહેલા છે. તે અર્થમાં બ્રહ્મ **'સગુણ'** છે. પરંતુ જગતમાં દેખાતા પ્રાકૃત ગુણો- સત્વ, રજસ, તમસ, બ્રહ્મમાં ન હોવાના કારણે શ્રુતિ બ્રહ્મને **'નિર્ગુણ'** પણ બતાવે છે. તેવી જ રીતે શ્રુતિ બ્રહ્મ માટે **'રસો વૈ સઃ'** એમ કહે છે, અર્થાત્ તે રસરૂપ છે. આનંદ એ રસનું સ્વરૂપ છે. તેથી શ્રુતિ એમ પણ કહે છે કે 'આનંદ' એ જ બ્રહ્મ છે. માટે જ શ્રી મહાપ્રભુજી કૃષ્ણને માટે કહે છે- **'આનંદ માત્ર કર પાદ્મુખોદરાદિ'**. તે કૃષ્ણનું પ્રત્યેક અંગ આનંદરસસભર છે, જેવી રીતે ખાંડની પુતળીના પ્રત્યેક અંગમાં ખાંડ જ હોય. આ અર્થમાં બ્રહ્મ **'સાકાર'** છે. કૃષ્ણ એ બ્રહ્મનું 'સાકાર સ્વરૂપ' છે. પરંતુ બ્રહ્મનું સ્વરૂપ મનુષ્યના લોહી હાડમાંસથી બનેલું ન હોઈ શ્રુતિ બ્રહ્મને **'નિરાકાર'** હોવાનું પણ સૂચવે છે.

કૃષ્ણ એ જ પરબ્રહ્મ હોવાના અન્ય અનેક પ્રમાણો ગીતા-ભાગવત આદિ શાસ્ત્રોમાં ઉપલબ્ધ થાય છે. માટે જ શ્રી મહાપ્રભુજી **'કૃષ્ણસેવા'**નો ઉપદેશ કરે છે અને **'કૃષ્ણપ્રાપ્તિ'**ને પુષ્ટિજીવનું અંતિમ લક્ષ બતાવે છે.

*

## • અક્ષર બ્રહ્મ

ભગવાન જ્યારે જે 'રૂપ' વડે કાર્ય કરવાની ઈચ્છા રાખે છે ત્યારે તે જ સ્વરૂપ વડે બધી ક્રિયા કરે છે. શ્રુતિ કહે છે તેમ **'એકમેવા દ્વિતિયમ્'** બ્રહ્મે નીજ લીલાર્થે - પોતાના રમણ માટે અનેકરૂપ થવાની ઈચ્છા કરી ત્યારે



પોતાના આધાર ભાગ-ચરણ-રૂપને અધિષ્ઠાન બનાવી, તેમણે અવ્યક્ત વ્યાપક રૂપ ધારણ કર્યું, જે **'અક્ષરબ્રહ્મ'** તરીકે ઓળખાય છે. ગીતામાં **'પુરુષોત્તમ'**થી જુદુ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. એ પરબ્રહ્મનું **'આધ્યાત્મિક'** સ્વરૂપ છે. તે પણ 'સચ્ચિદાનંદ' રૂપ જ છે પરંતુ તેને **'ગણિતાનંદ'** કહ્યું છે કારણ કે બ્રહ્મની અનેક થવાની ઈચ્છાને કારણે તેમાં 'આનંદ' તત્ત્વની ન્યૂનતા હોય તેવું ભાસે છે.

અક્ષરબ્રહ્મ કૂટસ્થ, નિરાકાર, નિર્વિકાર, અવ્યક્ત છે. તે પુરુષોત્તમનો આધાર હોવાથી તે **'પરમધામ'** રૂપ છે. તેમાં નિવાસ કરનાર પુરુષોત્તમ **'ધામી'** છે. આમ અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમનો સંબંધ **'ધામ-ધામી'**નો છે. જેમ સુગંધ એ ગુલાબનો ધર્મ (ગુણ) છે, જે સર્વત્ર ફેલાયેલ હોય છે. તેવી જ રીતે બ્રહ્મનું વ્યાપક સ્વરૂપ અક્ષરબ્રહ્મ એ બ્રહ્મનો 'ધર્મ' છે અને તેથી બ્રહ્મ સાથે તેનો સંબંધ **'ધર્મી અને ધર્મ'**નો રહેલો છે.

અક્ષરબ્રહ્મનું વ્યક્ત-સાકાર સ્વરૂપ તે **'શ્રીકૃષ્ણ'** અને શ્રીકૃષ્ણનું અવ્યક્ત-નિરાકાર સ્વરૂપ તે **'અક્ષરબ્રહ્મ'** એમ પારસ્પારિક સંબંધ છે. જ્ઞાનમાર્ગીય ભક્ત, જેઓ બ્રહ્મના નિરાકાર સ્વરૂપનું ધ્યાન ધરે છે - ઉપાસના કરે છે, તેનું ગંતવ્યસ્થાન 'અક્ષરબ્રહ્મ' છે, જેમાં તેઓ સાયુજ્ય પામે છે, અર્થાત્ લીન થઈ જાય છે. સૃષ્ટિની ઉત્પત્તિના કારણરૂપ ભગવાને પોતાના અક્ષરબ્રહ્મ સ્વરૂપમાંથી સૌ પ્રથમ પોતાને **કાલ**, **કર્મ**, **સ્વભાવ** અને **અક્ષર સ્વરૂપો**માં રૂપાંતરીત કર્યા. પુનઃ **અક્ષર**માંથી **પ્રકૃત** અને **પુરુષ** એમ બે સ્વરૂપો ધારણ કર્યા. તેથી સૃષ્ટિના સર્જનના મૂળભૂત સ્વરૂપો - **પ્રકૃતિ**, **પુરુષ**, **કાલ**, **કર્મ** અને **સ્વભાવ**, એ અક્ષરબ્રહ્મમાંથી જ રૂપાંતરિત થયેલા છે જે સમગ્ર સૃષ્ટિમાં અભિન્નપણે સ્થિત રહે છે.

*

## • જગત

જગતની ઉત્પત્તિ વિશે વિશ્વમાં અનેક વિચારધારાઓ પ્રવર્તે છે. ખ્રિસ્તી ધર્મ તેને એક આકસ્મિક રીતે **(accidentaly)** ઉત્પન્ન થયેલું જણાવે છે, વિજ્ઞાન તેને એક આકાશિય વિસ્ફોટ **(big-bang)**ના

પરિણામરૂપ પદાર્થ **(matter)**માંથી સર્જાયેલું બતાવે છે, સાંખ્યદર્શન તેના મૂળભૂત બે તત્ત્વો- પ્રકૃતિ અને પુરુષ દ્વારા ઉત્પન્ન થયેલું કહે છે. તો વૈશેષિક દર્શન પરમાણુઓથી બનેલું બતાવે છે. કર્મસિધ્ધાંતવાદીઓ સૃષ્ટિની ઉત્પત્તિમાં કાર્મિક ફલની ભૂમિકા જુએ છે તો માયાવાદિઓના મતે તે માયાએ ઉત્પન્ન કર્યું છે - તેથી તે 'માયિક' છે. આવી અનેક વિચારધારાઓથી શ્રી વલ્લભાચાર્યજીનો મત જુદો છે.

બ્રહ્મદારણ્યક ઉપનિષદ કહે છે- **''એને એકલારૂપે રમણ કરવું ન ફાવ્યું... એટલા માટે તેની અંદર પોતાનાથી અલગ બીજાની અભિલાષા પ્રકટ થઈ... તેણે પોતે પોતાને બે રૂપમાં વિભાજીત કરી લીધા. તેથી પતિ પણ અને પત્ની પણ તે પોતે જ બની ગયો... આ જોવામાં આવતું બધું જ પહેલા અવ્યાકૃત હતું. તેથી તેણે જ પોતાને અનેક નામો અને રૂપોમાં વ્યકૃત કર્યો. 'તત્તત-નામ' અને તત્તદ્-રૂપને ધારણ કરી તે જ અહીં વસ્તુમાત્રમાં પ્રવિષ્ટ થયો.''** (૧/૪/૨-૭).

ભાગવત કહે છે- ''દ્રવ્ય (પ્રકૃતિ), કર્મ, કાલ, સ્વભાવ, જીવ (પુરુષ) તે સર્વ તે પરમાત્માના અનુગ્રહવશ આવિર્ભૂત થાય છે અને ઉપેક્ષાવશ તિરોભૂત, કેમ કે તે **'એકમેવાદ્વિતિયમ્'** દેવે (બ્રહ્મે) અનેકરૂપ બનવાની ઈચ્છાથી યોગનિંદ્રામાંથી જાગીને હિરણ્યમય વીર્યને ત્રણ ભાગોમાં પોતાની સર્વભવન સામર્થ્યરૂપ માયા દ્વારા વિભાજીત કરી આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એમ ત્રણ રૂપોમાં સ્વયંના પૌરૂષને ત્રણ પ્રકારે વિભક્ત કર્યું. (ભા-૨/૧૦/૧૨-૧૪).

આમ ઉપરોક્ત પ્રમાણોના આધારે શ્રી વલ્લભાચાર્યજી જગતને બ્રહ્મ દ્વારા તેમના પોતાનામાંથી ઉત્પન્ન થયેલું સ્વીકારે છે, જગતના **'કર્તા'**, તેમ જ તેનું **'ઉપાદાન'** તથા **'નિમિત્ત'** કારણ, બ્રહ્મ જ છે, અને તેથી તે બ્રહ્મરૂપ છે - **'બ્રહ્માત્મક'** છે, તેમ માને છે. તેમના મતે, તેથી તે બ્રહ્મ જેટલું જ **'સત્ય'** છે, શંકરાચાર્યજી કહે છે તેમ માયા દ્વારા રચાયેલું **'મીથ્યા'** નથી. આ વિશે અન્ય અનેક પ્રમાણે ઉપનિષદ બ્રહ્મસૂત્રો ઈત્યાદિ શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે, જેવા કે - **યતો વા ઈમાતિ ભૂતાનિ જાયન્તે, યેન જાતાનિ જીવન્તિ,**



**યત્ યત્ પયત્યભિસં વિશંતિ** (તૈ.ઉ. ૩/૧/૧) અર્થાત્ બ્રહ્મમાંથી આ પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે, સ્થતિ કરે છે અને પાછા તેમાં પ્રવેશ કરે છે; **''સ આત્માનં સ્વયં કુરૂત''** (તૈ.ઉ. ૨/૭) તેણે સ્વયં પોતાને જગતના રૂપમાં ઢાળી દીધું; **'એતધ્ધિ સર્વાણિ નામાનિ રૂપાણિ વિભર્ત્તિ''** (છાં.ઉ.૧/૬/૧), અર્થાત્ તે જ આ બધા નામો અને રૂપોને ધારણ કરે છે, ઈત્યાદિ. બ્રહ્મસૂત્ર પણ આજ વાત- **'જન્માદ્યસ્ય યતઃ શાસ્ત્ર યોનિત્વાત્'** કહી પ્રમાણિત કરે છે. ભગવદ્ ગીતામાં પણ આવા અનેક પ્રમાણો ઉપલબ્ધ છે.

જેમ માટીમાંથી કુંભાર ઘડો બનાવે ત્યાં માટી ઘડાનું **'ઉપાદાન કારણ'** અને કુંભાર તથા તેના ઓજારો **'નિમિત્ત કારણ'** કહેવાય અને ઘડાને માટીનું **'કાર્ય'** કહેવાય તેમ બ્રહ્મને જગતરૂપી કાર્યનું 'ઉપાદાન કારણ' અને 'નિમિત્ત કારણ' કહે છે, કારણ કે જગત 'કાર્ય' રૂપે પ્રગટ થવા છતાં તે બ્રહ્મથી અભિન્ન છે, અર્થાત્ બ્રહ્મ અને જગત બે જુદા તત્ત્વો નથી, પરંતુ બ્રહ્મે પોતે જ જગતરૂપ ધારણ કરેલ છે. તેથી જ બ્રહ્મને જગતનું 'અભિન્ન નિમિત્તોપાદાન કારણ' કહે છે.

જેમ સોનાની લગડીમાંથી આભૂષણ બનાવવામાં આવે ત્યારે કેવલ રૂપ (ઘાટ) અને નામ જ બદલાય છે, સોનાનું 'તત્ત્વ' તેમ જ રહે છે, તેમાં કોઈ 'વિકાર' આવતો નથી. તેથી જ આભૂષણ ને ગાળતાં તે પુનઃ સોનાની લગડી બની જાય છે. તેથી સોનાની લગડી આભૂષણમાં પરિણમિત થવાને **'અવિકૃત પરિણામ'** કહેવાય છે. શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે - તેમજ બ્રહ્મ પોતે જ જગતમાં વિવિધ રૂપ અને નામ ધારણ કરે છે. તેમાં બ્રહ્મ 'તત્ત્વ' અકબંધ રહે છે, તેમાં કોઈ વિકાર આવતો નથી. પ્રલય થતાં પુનઃ જગત 'બ્રહ્મ' રૂપે પરિવર્તિત થઈ જાય છે. માટે તેઓ 'જગતને બ્રહ્મનું **'અવિકૃતપરિણામ'** કહે છે. તેથી જગત એ બ્રહ્મનું **'આધિભૌતિક'** સ્વરૂપ છે.

બ્રહ્મમાંથી જગત રૂપે પરિણમિત થવાની પ્રક્રિયાને સમજાવતાં કહે છે કે બ્રહ્મનું મૂલરૂપ એ **'પુરુષોત્તમ'** અથવા **'શ્રીકૃષ્ણ'** છે. તે જ જ્યારે સૃષ્ટિરૂપે આવિર્ભૂત થવાની ઈચ્છા કરે ત્યારે પોતાનામાંથી ૨૮ જુદા જુદા તત્ત્વો રૂપે પ્રગટ થાય છે. તે તત્ત્વો જગતનું 'કારણ' હોઈ તેને શ્રી

મહાપ્રભુજી બ્રહ્મની **'કારણ કોટી'** અથવા **'કારણ બ્રહ્મ'** કહે છે. એ ૨૮ તત્ત્વો છે- (૧) **પ્રકૃતિ**, (૨) **પુરુષ**, (૩) **મહત્**, (૪) **અહંકાર**, (૫) **મન**, (૬)થી (૯) ત્રિગુણો - **સત્વ**, **રજસ્**, **તમસ્**, (૯) થી (૧૩) **પાંચ જ્ઞાનેન્દ્રિયો**, (૧૪)થી (૧૮) **પાંચ કર્મેન્દ્રિયો**, (૧૯)થી (૨૩) પાંચ તન્માત્રાઓ- **રૂપ**, **રસ**, **ગંધ**, **શ્રવણ** અને **સ્પર્શ**, (૨૪)થી (૨૮) પંચ મહાભૂત, **પૃથ્વી**, **જલ**, **વાયુ તેજ** અને **આકાશ**.

સમગ્ર સૃષ્ટિમાં દૃશ્યમાન વિવિધ જડ-જીવાત્મક પદાર્થો, અનેક રૂપ-નામ અને કર્મ સાથે પ્રકટ થયા છે. બ્રહ્મમાંથી તે સર્વ ઉત્પન્ન થયેલા હોઈ તેને બ્રહ્મનું **'કાર્ય'** કહેવાય. અર્થાત્ જગત એ **'કાર્યબ્રહ્મ'** છે, જે બ્રહ્મનું જ આધિભૌતિક સ્વરૂપ છે, અને તેથી 'સત્ય' છે.

શ્રી વલ્લભાચાર્યજીના મતે મૂલ અવસ્થામાં- 'પુરુષોત્તમ' અથવા 'શ્રીકૃષ્ણ'રૂપે, જગતની ઉત્પત્તિના 'કારણરૂપ' ઉપરોક્ત ૨૮ તત્ત્વોના રૂપમાં કે, તેમાંથી તે કાર્યરૂપ વિવિધ રૂપ-નામ-કર્મ ધારણ કરી જગત રૂપે પ્રકટ થાય, તે સર્વમાં **બ્રહ્મ તત્ત્વ** અસ્તિત્વ ધરાવે છે. તે સર્વ કાંઈ 'બ્રહ્મ' જ છે, બ્રહ્મ સિવાય અન્ય કશું નથી. એ જ વાતનો શ્રુતિ **'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'** કહી ટેકો આપે છે. તેથી જ શ્રી વલ્લભાચાર્યજીનો મત **'બ્રહ્મવાદ'** કહેવાય છે, જેનું તાત્પર્ય છે કે તમે જે કાંઈ શબ્દ જગતના વિવિધ પદાર્થો, ક્રિયાઓ વગેરે માટે કહો, તેનો અર્થ કેવલ **'બ્રહ્મ'** જ થાય. આમ બ્રહ્મ અને જગત વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે.

*

## • લીલાર્થ સૃષ્ટિ

પોતાના 'નિબંધ' ગ્રંથનું મંગલાચરણ કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે-

**''નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભૂત કર્મણે,**
**રૂપ નામ વિભેદેન, જગત ક્રીડતિ યો યતઃ''**

અર્થાત્, વિવિધ રૂપ અને નામ ધારણ કરીને આ જગતરૂપે (અથવા જગતમાં) જે ક્રીડા (લીલા) કરી રહ્યા છે તે ભગવાન શ્રીકૃષ્ણને હું નમન કરૂં છું. આ એક શ્લોકમાં જ શ્રી વલ્લભાચાર્યજીના **'શુદ્ધાદ્વૈત'** મતનું દર્શન થાય



છે. પરમોચ્ચ તત્ત્વ એવા ભગવાન શ્રીકૃષ્ણ, વિવિધ રૂપ અને નામ ધારણ કરી આ જગતરૂપ બન્યા છે. એટલે કે, તેઓ આ જગતનું 'કારણ' છે અને વિવિધ રૂપ અને નામના વિભેદવાળુ જગત તેમનું 'કાર્ય' છે. તેમાં તેઓ સ્વયં ક્રીડા કરી રહ્યા છે, અર્થાત્ **'લીલા'** એ તેમના 'જગતકાર્ય'નું પ્રયોજન છે.

ભગવાન શ્રીકૃષ્ણ માટે શ્રી મહાપ્રભુજીએ વિશેષણ મુક્યું છે- **'અદ્ભૂતકર્મા'**. તેનું તાત્પર્ય છે કે ભગવાનની પ્રત્યેક લીલા અદ્ભૂત છે. તેમનું દરેક કર્મ અદ્ભૂત - અલૌકિક છે. તે પોતે પરિપૂર્ણ છે, છતાંય બધી રીતે અપૂર્ણ એવા જગતમાં, જગતના વિવિધ સંબંધો અને રૂપોમાં પોતે પ્રકટ થઈ 'લીલા' કરે છે. તેઓ આ દિવ્ય લીલાઓ ભૂતલ ઉપર પ્રકટ થઈને કરે છે. તેમાં મુખ્ય 'અભિનેતા' તે પોતે જ છે અને 'દિગ્દર્શક' પણ પોતે જ છે. તે જીવોના પાત્રની વરણી, જ્યારે તેમનામાંથી જીવો છૂટા પડે, ત્યારે જ કરતાં હોય છે, અને તેમને જે પ્રકારે પાત્ર ભજવવાનું હોય છે તેનું નિયંત્રણ-માર્ગદર્શન તેઓ પ્રત્યેક જીવના દેહમાં **'અંતર્યામિ'** રૂપે બિરાજીને આપે છે. તદનુસાર પ્રત્યેક જીવે પોતાને સોંપેલા પાત્રનો અભિનય સચોટરૂપે કરવાનો હોય છે. ભગવાને સોંપેલા કાર્યને નિષ્ઠાપૂર્વક કરવું તે જ તો ભગવાનને પ્રસન્ન કરવાનું કારણ બને ! તે જ તેમની કૃપા પ્રાપ્ત કરવાનું નિમિત્ત બને ! તેનાથી જ તો ભગવાનની લીલા માણી શકાય !

પરંતુ ભગવાને આવી લીલા કરવાનું પ્રયોજન શું હોઈ શકે ?, એવો સ્વાભાવિક પ્રશ્ન આપણને થાય. શ્રી વલ્લભાચાર્યજી પોતાના **'ભાગવતાર્થ નિબંધ'**માં સમજાવે છે કે આ સૃષ્ટિ એ ભગવાનની **'આનંદમયી લીલા'** છે, અર્થાત્ ભગવાને આ સૃષ્ટિ નિજાનંદ માટે પ્રકટ કરી છે. ભાગવતના બાર સ્કંધોમાં ભગવાનની વિવિધ લીલાઓનું વર્ણન છે. તૃતીય થી દ્વાદશ સ્કંધના દશ અધ્યાયોમાં ભગવાનની 'દશવિધ લીલા'ઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જગતમાં ચાલી રહેલી સમગ્ર ગતિવિધિઓ એ ભગવાનનું બાહ્ય રમણ જ છે તેમ તેઓ સમજાવે છે.

ભગવાનની લીલાઓના પ્રયોજન વિશે બ્રહ્મસૂત્રકાર કહે છે- **'ન પ્રયોજનત્વાત્, લોકવત્તુ લીલા કૈવલ્યમ્'**. (૨/૧/૩૨-૩૩). આ સૂત્રોનો

ખુલાસો કરતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે ભગવાન **'આપ્તકામ'** છે, તેથી તેને કોઈ ઈચ્છા હોઈ શકતી નથી. પરંતુ જેમ કોઈ બાલક નિર્દોષ ક્રીડા કરે છે, રમત રમે છે તેનું કાંઈ વિશેષ પ્રયોજન હોતું નથી, પરંતુ તેને તેમાંથી એક અલૌકિક આનંદ મળતો હોય છે. જેમ કોઈ રાજા પ્રાણીનો શિકાર કરે ત્યારે તે પ્રાણીનું ભક્ષણ કરવા તેને મારતો નથી, કેમ કે જો તેને તેવી ઈચ્છા થાય તો તે પોતાના કર્મચારીને તે માટે આજ્ઞા કરી શકે છે. તેને જાતે શિકાર કરવાની આવશ્યકતા હોઈ શકે નહીં. પરંતુ શિકાર કરવા પાછળનો તેનો હેતુ 'આનંદ' મેળવવાનો હોય છે. તેને તેમાં 'મજા' પડતી હોય છે. તેવી જ રીતે ભગવાનની **'ક્રીડા'** અથવા **'લીલા'** પણ **નિષ્પ્રયોજન-અહેતુકિ** હોય છે. આનંદના ઉદ્રેકનું બીજું નામ જ 'લીલા' છે. લૌકિકમાં આનંદ માટે જેમ નાટક, ભવાઈ ઈત્યાદિનું આયોજન કરવામાં આવે છે તેમ ભગવદ્ લીલાનો અન્યથા કોઈ હેતુ હોતો નથી. જગતની ઉત્પત્તિ અથવા અસ્તિત્વ પાછળ શ્રી વલ્લભાચાર્યજીનો આ વિશિષ્ટ દષ્ટિકોણ છે.

*

## • જીવ તત્ત્વ

**'હું અનેક થાઉં'** એવી બ્રહ્મની સત્ય સંકલ્પવાળી ઈચ્છા માત્રથી જ બ્રહ્મમાંથી જ બ્રહ્મભૂત-યોગ બળ વડે સૂક્ષ્મ, પરિચ્છિન્ન, ચિત્પ્રધાન, અસંખ્ય અંશો પ્રથમ સૃષ્ટિ સમયે બહાર આવ્યા. જેવી રીતે અગ્નિમાંથી ક્ષુદ્ર તણખાઓ છુટા પડે છે તેવી જ રીતે સચ્ચિદાનંદ બ્રહ્મમાંથી તેના **સત્**, **ચિત્** અને **આનંદ** તત્ત્વો વ્યુચ્ચરિત થઈ (છુટા પડી) સર્વ પ્રાણો, સર્વલોક, સર્વભૂત રૂપે પ્રગટ થયા. બ્રહ્મના સદંશમાંથી સૃષ્ટિના અસંખ્ય 'જડ પદાર્થો' બન્યા, ચિદંશમાંથી 'ચૈતન્ય સૃષ્ટિ' અને આનંદાંશમાંથી **'અંતર્યામિ'** પ્રગટ થયા. બ્રહ્મ એક એવું તત્ત્વ છે જેની બહાર કશું જ નથી. તેથી આ ત્રણેય અંશો - **સદંશ**, **ચિદંશ** અને **આનંદાંશ** બ્રહ્મમાં જ પ્રગટ થયા છે, અન્યત્ર ક્યાંય નહીં. વાસ્તવમાં એમ કહી શકાય કે બ્રહ્મ કેવળ પોતાનો 'સદંશ' પ્રકટ રાખી, 'ચિદંશ' અને 'આનંદાંશ'ને છુપાવી-તિરોહિત કરી અનેક જડ પદાર્થોમાં રૂપાંતરીત થયા. તેવી જ રીતે પોતાના 'આનંદ' તત્ત્વનો



તિરોધાન કરી (છુપાવી), માત્ર 'સદંશ' અને 'ચિદંશ'નો આવિર્ભાવ કરી પ્રાણી સૃષ્ટિ - ચૈતન્ય બનાવી, અને 'સદંશ-ચિદંશ-આનંદાશ' એ ત્રણેય અંશોને પ્રગટ રાખી અસંખ્ય 'અંતર્યામિ' રૂપ ધારણ કર્યા. સદંશો એ ક્રમશઃ 'કારણ-કાર્ય' રૂપે રૂપાંતરીત થઈ જગતમાં દેખાતા જડ પદાર્થોનું રૂપ ધારણ કર્યું. પોતાના 'ચિત્' અને 'આનંદ' તત્ત્વને છુપાવી, જ્યારે બ્રહ્મ કેવળ સદંશ દ્વારા દેહરૂપે, અને ચિદંશ દ્વારા જીવાત્મારૂપે પ્રગટ થયા ત્યારે વિવિધ પ્રકારની પ્રાણીસૃષ્ટિ ઉત્પન્ન થઈ. પ્રત્યેક પ્રાણીમાં જીવાત્મા સાથે ભગવદંશરૂપે 'અંતર્યામિ' સ્થિત રહી ભગવાન તેનું નિયમન-નિર્દેશન કરે છે.

આ રીતે સૃષ્ટિમાં પ્રત્યેક 'જીવાત્મા' બ્રહ્મનો અંશ છે, (બ્રહ્મ નથી). તેનો બ્રહ્મ સાથે **'અંશ-અંશી'**નો સંબંધ છે. શુદ્ધાદ્વૈત મતમાં **'જીવ'**, **'જીવાત્મા'** અને **'આત્મા'** એ ત્રણેય શબ્દો બ્રહ્મના અંશના રૂપમાં એક જ અર્થમાં વપરાય છે, જ્યારે માયાવાદી મત પ્રમાણે બ્રહ્મ અવિદ્યા વડે 'જીવ'રૂપે ભાસે છે, જ્યારે અજ્ઞાન દૂર થતા તે આત્મારૂપે પ્રગટ થાય છે. 'આત્મા' શબ્દ વેદોપનિષદમાં બ્રહ્મના અર્થમાં પણ અનેક સ્થાને વપરાયેલ જોવા મળે છે. ભગવાન ગીતામાં પણ કહે છે કે **'જીવલોકમાં મારો સનાતન અંશ જ જીવરૂપ બન્યો છે.'**

જીવાત્મા જ્યારે અંશરૂપે બ્રહ્મમાંથી છૂટો પડે છે ત્યારે તેમાં બ્રહ્મના **'સત્-ચિત્-આનંદ'** ત્રણેય તત્ત્વો પ્રગટ હોવાના કારણે તે 'બ્રહ્મ' જેવો જ 'શુદ્ધ' હોય છે. તે તેની **'શુદ્ધાવસ્થા'** છે. પરંતુ તેનાથી છુટા પડતાં તે બ્રહ્મની **'અવિદ્યા'** નામની શક્તિના સંસર્ગમાં આવે છે. અવિદ્યા 'પંચપર્વા'- પાંચ પ્રકારની છે. તે છે **દેહાધ્યાસ**, **ઈન્દ્રિયાધ્યાસ**, **પ્રાણાધ્યાસ**, **અંતઃકરણધ્યાસ** અને **સ્વરૂપ વિસ્મૃતિ**. અધ્યાસનો અર્થ થાય- ભ્રમ. જીવ પોતાને દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણના રૂપમાં માનવા લાગે છે, જેના કારણે તે પોતાનું મૂળ સ્વરૂપ - કે **'તે બ્રહ્મનો અંશ છે'**, તેમ ભૂલી જાય છે. બ્રહ્મમાં રહેતા ઐશ્વર્યાદિ ધર્મો તેમાંથી અદશ્ય થતાં તે દીન, હીન, પરાધિન બની અનેક પ્રકારના દુઃખોનો અનુભવ કરવા લાગે છે. **ઐશ્વર્ય** ન રહેતાં તેનામાં દીનત્વ-પરાધીનત્વ આવી જાય છે, **વીર્ય** અદશ્ય થવાથી તેને

સર્વ પ્રકારના દુઃખો સહન કરવા પડે છે, **'યશ'** ન રહેતાં તે હીન બને છે, **'શ્રી'**ના અદશ્ય થવાથી જન્મ વગેરે બધી જ આપત્તિઓ આવી પડે છે. **જ્ઞાન**ના અભાવમાં દેહ વગેરેમાં અહંકાર ઉત્પન્ન થાય છે અને બુદ્ધિમાં વિપરીત જ્ઞાન આવે છે અને **વૈરાગ્ય** ન રહેવાથી તેને વિષયોમાં આસક્તિ જાગે છે. આ રીતે ભગવાનમાં રહેલા ઐશ્વર્ય, વીર્ય, યશ અને શ્રીના લોપ થવાથી જીવને બંધ થાય છે, અને જ્ઞાન તથા વૈરાગ્યના અભાવમાં તેમાં ઊલટભાવ પ્રગટે છે, જેના કારણે જીવ **'બંધન'**માં આવે છે. આને જીવની **'બદ્ધ અવસ્થા'** કહે છે. તેના કારણે તે જન્મ-મરણના ચકરાવામાં આવી જાય છે. અવિદ્યાના કારણે જીવમાં 'હું' અને 'મારાપણા'નો ભાવ, **અહંતા-મમતા** પ્રગટે છે. તે માનવા લાગે છે કે 'આ મેં કર્યું, હું તેનું ફલ ભોગવીશ', ઈત્યાદિ ખોટી ભ્રમણાઓને જ **'અધ્યાસ'** કહે છે. આવી ભ્રામિક સ્થિતિને શ્રી મહાપ્રભુજી **'સંસાર'** કહે છે. તે જીવે સ્વયં માની લીધેલો છે, તેથી તેને 'મિથ્યા' કહે છે. સામાન્યતઃ આપણે 'જગત' અને 'સંસાર' એ બે શબ્દોનો પ્રયોગ એક જ અર્થમાં કરતાં હોઈએ છીએ. પરંતુ તે ભૂલભરેલી માન્યતા છે. 'જગત' તો ભગવાનનું 'કાર્ય' છે, ભગવદ્રૂપ છે. માટે તે સત્ય છે, પરંતુ 'સંસાર' જીવે માની લીધેલી ભ્રમણા છે, તેથી તે અવાસ્તવિક છે, મિથ્યા છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે 'અવિદ્યા'ની માફક 'વિદ્યા' પણ ભગવાનની શક્તિ છે જેના પણ પાંચ પર્વો છે- **સાંખ્ય, યોગ, તપ, વૈરાગ્ય** અને **ભક્તિ**. ભગવદ્કૃપાથી જીવને આ પાંચ પ્રકારની **'વિદ્યા'** પ્રાપ્ત થાય તો તેની અવિદ્યા દૂર થઈ જતાં તેના અધ્યાસો નષ્ટ થઈ જાય છે, જીવને પોતાના સાચા સ્વરૂપની ઓળખ થાય છે અને ભગવાનમાં સમર્પણ અને શરણાગતિ યુક્ત ભક્તિ દ્વારા તે મુક્ત થઈ શકે છે.

*

## • જીવોના પ્રકાર

ભગવાને આ સૃષ્ટિ નિજ લીલાર્થે પ્રગટ કરી છે. 'લીલા' કરવા માટે વિવિધતા અને વિચિત્રતાની આવશ્યકતા રહે. વૈવિધ્યથી જ આનંદરસ જળવાઈ રહે. જગતમાં જડ પદાર્થોની અસંખ્ય વિવિધતા જોઈએ છીએ તેમ



પ્રાણી સૃષ્ટિમાં પણ અનેક પ્રકારનું વૈવિધ્ય અને વૈચિત્ર્ય નજરે પડે છે. એ જ કારણ છે કે જગતમાં અસંખ્ય પ્રકારની જીવ સૃષ્ટિ દૃષ્ટિગોચર થાય છે. પ્રત્યેકના નામ, રૂપ, ગુણ, ભિન્ન ભિન્ન. મનુષ્યોમાં પણ પ્રત્યેકની રૂચિ, વિચારો, અધિકારો, કાર્યો વગેરે જુદા જુદા હોય છે.

જો આપણે વિવિધ પ્રકારના જીવોનું સામાન્ય રીતે વર્ગીકરણ કરીએ તો તેના પાંચ વિભાગ ગણાવી શકાય. (૧) **ઉત્તમોત્તમ**, (૨) **ઉત્તમ**, (૩) **ઉત્તમ-મધ્યમ**, (૪) **મધ્યમ** અને (૫) **કનિષ્ઠ**. આ પાંચેય પ્રકારના જીવોને પોતપોતાના અધિકાર અને રૂચિ મુજબ સાધન કરવામાં યત્નશીલ જોવામાં આવે છે. ઉત્તમોત્તમ જીવો **'નિર્ગુણ ભક્તિ'** અથવા **'પુષ્ટિભક્તિ'** તરફ પ્રેરાય છે. ઉત્તમ જીવો **'મર્યાદાભક્તિ'**ને ગ્રહણ કરે છે. ઉત્તમ-મધ્યમ જીવો **'જ્ઞાન માર્ગે'** વળે છે. મધ્યમ પ્રકારના જીવો **'યજ્ઞ-કર્મ'**ને જ સાધન માને છે. પરંતુ કનિષ્ઠ જીવોનું કાંઈ પણ લક્ષ જીવનમાં હોતું નથી. તેઓ જન્મમરણની લક્ષ-ચોરાશીમાં રેંડમાળની માફક ભમ્યા જ કરે છે. આવા જીવોની ગતિને ઉપનિષદમાં **'યમગતિ'** કહી છે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે જેઓ બ્રાહ્મણના સુવર્ણના ચોર, સુરા પીનારા, ગુરુ પત્ની સાથે સંગ કરનાર જીવો છે, તેમની ગતિ આ લોકમાં હોય છે. તેઓ સંસારના પ્રવાહમાં હંમેશા તણાયા કરે છે. મધ્યમ-કનિષ્ઠ વર્ગના જીવો, જેમની કર્મમાં આસક્તિ અને યજ્ઞ જ એમના જીવનનું ધ્યેય હોય છે, તેવા લોકો અનેક લોકસેવાના કાર્યોમાં તત્પર હોય છે. તેમની પિતૃયાણ તથા ધૂમ માર્ગે ગતિ થાય છે. અલગ અલગ પ્રકારના જીવોની ભિન્ન ભિન્ન ગતિ શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે. જ્ઞાનમાર્ગીય તથા મર્યાદામાર્ગીય જીવો અંતતોગત્વા ભગવાનમાં લીન થઈ જાય છે. બ્રહ્મમય બની જાય છે. તેઓને બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે. પુષ્ટિ જીવોને ભગવાનની લીલાનો અનુભવ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. તેઓને ભજનાનંદ-ભગવદાનંદની અનુભૂતિ થાય છે, જે સર્વોત્તમ ફલ છે. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી **'ભગવાનેવ ફલમ્'** કહે છે.

ગીતામાં ભગવાને બે પ્રકારની સૃષ્ટિ બતાવી છે - **દૈવી** અને **આસુરી**. દૈવી જીવો સત્કર્મ પ્રેરિત થઈ ઉચ્ચગતિને પ્રાપ્ત કરે છે જ્યારે આસુરી સૃષ્ટિ

દુષ્કર્મોના કારણે અધોગતિ પામે છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે દ્વેષ કરનાર ક્રૂર નરાધમોને હું આ સંસારમાં આસૂરી યોનિમાં વારંવાર ફેંકુ છું. (૧૬/૧૯). શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના **'પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ'** ગ્રંથમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના જીવોને અને તેમના અધિકારોને સમજાવ્યા છે. તેઓ કહે છે - સૃષ્ટિના પ્રારંભમાં ભગવાને પોતાની ઈચ્છાથી સૃષ્ટિ નિર્માણ કરી છે, જેમાં તેમના 'મન' દ્વારા જે જીવો પ્રગટ થયા તે **'પ્રવાહસૃષ્ટિ'**, તેમની વાણી દ્વારા જે પ્રગટ થયા તે **'મર્યાદાસૃષ્ટિ'** અને જેઓ તેમના દેહમાંથી પ્રગટ થયા તે **'પુષ્ટિસૃષ્ટિ'**. એ ત્રણેય પ્રકારની સૃષ્ટિ તે જીવોના સ્વભાવ, રૂચિ, અધિકાર અને ફલ પ્રાપ્તિ વિશે ખુલાસો કરતાં તેઓ કહે છે- 'પ્રવાહ સૃષ્ટિમાં મૂળ ઈચ્છાથી લૌકિક ફળ પ્રાપ્ત થાય છે, મર્યાદાસૃષ્ટિમાં વેદના જણાવ્યા પ્રમાણે ફળ મળે છે, અર્થાત તેવા જીવોને અક્ષરબ્રહ્મરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્યારે પુષ્ટિસૃષ્ટિને પ્રભુના સ્વરૂપાનંદનું ફળ પ્રાપ્ત થાય છે, તેવા જીવોનો પુરુષોત્તમમાં પ્રવેશ થાય છે. પુષ્ટિમાર્ગીય જીવો ભગવદ્ સેવા માટે જ છે. (પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ભેદ - ૯થી ૧૨). વધુ ખુલાસો કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે સાધનોથી પ્રાપ્ત થતી મુક્તિ 'મર્યાદામાર્ગીય મુક્તિ'નો પ્રકાર છે, પરંતુ સાધન વગર જ ભગવાન સ્વયં પોતાની કૃપા દ્વારા જીવને મુક્તિદાન કરે તેને પુષ્ટિમાર્ગીય મુક્તિ સમજવી. (અણુભાષ્ય-૪.૨.૩). વળી પુષ્ટિજીવની વિશેષતા સમજાવતાં કહે છે- પુષ્ટિ જીવોમાં વૈદિકપણુ અને લૌકિકપણુ દેખાવ માત્રનું જ હોય છે. બીજી કોઈ રીતે તેમાં તેમને રૂચિ હોતી નથી. તેમનામાં વૈષ્ણવતા સહજ હોય છે જ્યારે બીજાઓનું વર્તન તેમનાથી વિપરીત હોય છે. (પુ.પ્ર.મ.ભેદ-૨૦).

પુષ્ટિ અને મર્યાદા જીવો ભગવાને કહેલી 'દૈવી સૃષ્ટિ' અંતર્ગત છે, જ્યારે પ્રવાહ જીવો 'આસુરી સૃષ્ટિ'ની કક્ષામાં આવે છે. પુષ્ટિ જીવોને પણ તેઓ ચાર વિભાગમાં વિભક્ત કરે છે - **'શુદ્ધ-પુષ્ટિ'**, **'પુષ્ટિ-પુષ્ટિ'**, **'મર્યાદા-પુષ્ટિ'** અને **'પ્રવાહ-પુષ્ટિ'**. તેઓ પોત પોતાના અધિકાર - રૂચિ અનુસાર ભગવાનની પુષ્ટિભક્તિમાં પ્રવૃત્ત રહી તદ્નુસાર ફલ પ્રાપ્તિ કરે



છે, જ્યારે મર્યાદા જીવોની રૂચિ શાસ્ત્રાજ્ઞાઓ પરત્વે વિશેષ હોઈ, તેઓ શાસ્ત્રોમાં બતાવેલ જપ-તપ, દાન, યજ્ઞ, જ્ઞાન ઈત્યાદિ પોતપોતાની રૂચી અનુસાર **'સાધન ભક્તિ'**, જેને **'મર્યાદા ભક્તિ'** કહે છે, તેમાં પ્રવૃત્ત થઈ 'મોક્ષ'ની પ્રાપ્તિ કરે છે. પ્રવાહ સૃષ્ટિના પણ બે પેટા વિભાગ બતાવવામાં આવ્યા છે- **દુર્જ્ઞ** અને **અર્જ્ઞ**. 'અર્જ્ઞ' જીવોનો ઉધ્ધાર કાળક્રમે સંભવ બને છે પરંતુ દુર્જ્ઞ જીવો તો પ્રલય પર્યંત જન્મ-મરણની ઘટમાળમાં ફર્યા કરે છે. એ પ્રકારે અનેક કોટીના જીવો સૃષ્ટિમાં અસ્તિત્ત્વ ધરાવે છે.

*

## • શ્રી વલ્લભાચાર્યજીનું ધર્મદર્શન

ધર્મદર્શનને **'સાધનમીમાંસા'** પણ કહેવાય. ધર્મ, કર્મ, જ્ઞાન અને ભક્તિ એ તેના અંગ છે. વાસ્તવમાં મનુષ્યની કોઈ પણ પ્રવૃત્તિ પ્રયોજન વગર હોતી નથી. તેને જ હિન્દુશાસ્ત્રકારોએ **'પુરુષાર્થ'** કહ્યા છે. ચાર પુરુષાર્થો શાસ્ત્રોમાં બતાવ્યા છે-**ધર્મ, અર્થ, કામ** અને **મોક્ષ**. મનુષ્યના સામાન્ય જીવનના સંદર્ભમાં આ પુરુષાર્થોને સમજાવવા હોય તો 'ધર્મ' એટલે મનુષ્યની પારિવારીક, સામાજિક, રાષ્ટ્રીય, ધાર્મિક ફરજો **(duties)**, 'અર્થ' એટલે ધન ઈત્યાદિ વિવિધ પ્રકારની સંપત્તિનું સંપાદન **(prosperity)**, 'કામ' એટલે ઈચ્છાઓની પૂર્તિ- સંતુષ્ટિ **(satisfaction)** અને 'મોક્ષ' એટલે સર્વ પ્રકારના ઉપભોગ પછી નિવૃત્તિ - અંતિમ લક્ષની પ્રાપ્તિ **(retirement).**

પ્રત્યેક મનુષ્ય પોતાના જીવનમાં બે વસ્તુઓ ઈચ્છે છે- (૧) **દુઃખહાનિ**, (૨) **સુખ પ્રાપ્તિ**. અંતતોગત્વા આનંદ પ્રાપ્ત કરવો એ મનુષ્ય જીવનનું ધ્યેય હોય છે. ઉપરોક્ત ચારેય પુરુષાર્થો એ આનંદરૂપી પુરુષાર્થના જ પાસાં છે. 'કામ'થી મનુષ્ય આનંદ મેળવવા ઈચ્છે છે અને 'મોક્ષ' પણ આનંદની જ એક સ્થિતિ છે, એટલે વસ્તુતઃ જીવનનો પરમ પુરુષાર્થ છે- **'આનંદ'**. મનુષ્ય સ્વપ્રયત્ને આનંદને ખોળવાનો પ્રયત્ન કરે છે. તે આનંદને સ્ત્રી સુખ, પુત્ર પ્રાપ્તિ, વિત્તાર્જન, કીર્તિ વગેરેમાં શોધે છે. પરંતુ તે સર્વ મૃગજળ સમાન તેને છેતરે છે અને દુઃખી કરે છે. આ બધા આનંદ

મેળવવાના પ્રયત્નો મિથ્યા છે, કારણ કે તેમાંથી મળતો આનંદ ક્ષણિક હોય છે, તે શાશ્વત હોતો નથી. શાશ્વત આનંદ ભગવાનમાં છે. તે ભગવાન પાસેથી જ મળી શકે છે, કારણ કે તે સ્વયં આનંદરૂપ છે. શ્રુતિ કહે છે- **'આનન્દો બ્રહ્મેતિ વ્યજાનાત્'**, અર્થાત્ 'આનંદ' એ જ બ્રહ્મ છે. તેનો અર્થ એ થાય કે મનુષ્ય જીવનનું અંતિમ ધ્યેય હોવું જોઈએ **'ભગવાનનો સાક્ષાત્કાર'**. માટે જ શ્રી વલ્લભાચાર્યજી કહે છે- **'ભગવાનેવ ફલમ્'**.

શાસ્ત્રોમાં ભગવાનને પ્રાપ્ત કરવાના અનેક સાધનોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. શ્રી મહાપ્રભુજી સુબોધિનીમાં કહે છે- **'પ્રભુનું પ્રાકટ્ય થવું તે સાધ્ય છે, ભગવાનનો સાક્ષાત્કાર થવો તે ફલ છે, જ્યારે ધર્મ અને જ્ઞાન તેના સાધન છે.'** તેમના મતે 'ધર્મ' એ જીવનને ધારણ કરનાર હોવાથી ધર્મ વગરનું જીવન હોઈ શકે નહીં. તેઓ સમજાવે છે કે ધર્મના બાહ્યાચાર યજ્ઞાદિ ધર્મો કે દાનાદિ ક્રિયાઓ, તપ, સમાજસેવા, દેશભક્તિ, સામાજિક નીતિ, શમદમાદિ સાધન સંપન્નતા, અન્ય જ્ઞાન ઈત્યાદિરૂપે જે દેખાય છે તે તેનું પૂર્ણ સ્વરૂપ નથી. તે બધામાં ધર્મનો પ્રકાશ છે. તે બધાં જ ધર્મના અંગો જરૂર છે, પરંતુ તે પ્રત્યેક સંપૂર્ણપણે ધર્મ નથી. જેવી રીતે હસ્તપાદ આદિ અવયવો દેહના અંગો હોય પણ તે પ્રત્યેક પૂરો દેહ ન કહેવાય, તેમ આ બધા ધર્મો પૂરેપૂરા નહીં તે અધુરા-ન્યૂન ધર્મો છે. પૂર્ણ ધર્મ ધર્મીના સંબંધવાળો જ હોઈ શકે. ધર્મી વગરનો વાસ્તવમાં ધર્મ જ ન કહેવાય. આ 'ધર્મી' તે જગતના કારણરૂપ **'પરમાત્મા'**. તેનો જે સંબંધ કરાવે તે જ સાચો 'ધર્મ'.

ધર્મના બે પ્રભેદો બતાવવામાં આવ્યા છે - (૧) **પ્રવૃત્તિ ધર્મ** અને (૨) **નિવૃત્તિ ધર્મ**. પ્રથમનું સ્વરૂપ ગીતામાં જોવા મળે છે, જ્યારે બીજાનું વર્ણન ભાગવતમાં છે. ગીતામાં કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણેય સાધનોની ચર્ચા કરવામાં આવી છે, જ્યારે ભાગવત્ એ 'ભક્તિ'નો ગ્રંથ છે. મીમાંસકો 'કર્મ'ને પ્રાધાન્યતા આપે છે, જ્યારે શંકરાચાર્યજી 'જ્ઞાન'ને. શ્રી વલ્લભાચાર્યજીએ 'ભક્તિમાર્ગ'નું મહત્ત્વ બતાવ્યું છે. વેદના પૂર્વકાંડમાં કર્મ અથવા ધર્મની મીમાંસા કરવામાં આવી છે અને 'યજ્ઞ' કર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તદનુસાર 'કર્મ' એ જ ઈશ્વર છે, અને તે ફળ આપનારૂં



છે. પરંતુ તેમ ન હોઈ શકે, કારણ કે 'કર્મ' તો જાતે જ જડ છે. કર્મનો નિયામક અને ફળ આપનાર 'ઈશ્વર' છે. 'કર્મ' અને 'જ્ઞાન' પરસ્પર આધારિત છે. કર્મ કરનારને પણ જ્ઞાનની જરૂર હોય છે. જ્ઞાન વગરનું કર્મ, તેમ જ કર્મ વગરનું જ્ઞાન ધ્યેય પ્રાપ્તિ કરાવી શકે નહીં. કર્મેન્દ્રિયો ધરાવતાં તમામે કર્મ કરવા આવશ્યક છે, તે વાત ગીતામાં કહી છે. શ્રુતિમાં પણ કર્મ અને જ્ઞાન બન્નેને સરખા સાધન બતાવ્યા છે. મનુષ્યની પ્રકૃતિમાં સત્વ, રજસ્ અને તમસ્ ગુણો પ્રમાણે કર્મો ત્રણ પ્રકારના છે. તેમાં સાત્વિક કર્મ ઉત્તમ છે. શ્રી વલ્લભાચાર્યજી સુબોધિનીમાં જણાવે છે કે નજીવા સુખની ઈચ્છાથી કરેલા કર્મ દુઃખ આપે છે, પણ જો ભગવાનની સાથે તેનો સંબંધ જોડવામાં આવે તો તે 'સુખરૂપ' બને છે. વૈદિક કર્મોનો સ્વીકાર કરતાં તેઓ કહે છે કે જેમ આયુર્વેદ શારીરિક રોગો દૂર કરવામાં ઉપયોગી છે, તેમ વૈદિક કર્મો સાંસારિક રોગો દૂર કરવામાં ઉપયોગી હોય છે. પ્રત્યેક કર્મ શ્રધ્ધાથી, ચિત્તની શુદ્ધિ માટે કરવું જોઈએ. કર્મ કરનારે 'હું કર્તા છું' એવી બુધ્ધિ ન રાખતાં, 'ઈશ્વર કર્મના પ્રેરક છે' તેવો ભાવ રાખવો જોઈએ.

જેવી રીતે કર્મેન્દ્રિયો કર્મ માટે છે, તેમ જ્ઞાનેન્દ્રિયો જ્ઞાન પ્રાપ્તિ માટે છે. લૌકિક વિષયોની પ્રાપ્તિ માટે જેમ તે વિષયોનું જ્ઞાન આવશ્યક છે, તેમ અલૌકિક ઈશ્વરની પ્રાપ્તિ માટે શાસ્ત્ર દ્વારા મેળવેલું જ્ઞાન આવશ્યક છે. તેથી જ શ્રી વલ્લભાચાર્યજી કહે છે **'શાસ્ત્રમ્ અવગત્ય, મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ'**. વેદના પૂર્વકાંડમાં જેમ 'કર્મ'ની મીમાંસા કરવામાં આવી છે તેમ તેના ઉત્તરકાંડ- 'ઉપનિષદ' અથવા 'વેદાંત'માં જ્ઞાનાત્મક બ્રહ્મનું વર્ણન છે, અથવા એમ કહી શકાય કે પૂર્વકાંડમાં બ્રહ્મની ક્રિયાશક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તો ઉત્તરકાંડ - જ્ઞાનકાંડમાં બ્રહ્મની જ્ઞાનશક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રી વલ્લભાચાર્યજીએ ખુલાસો કર્યો છે કે 'ક્રિયાશક્તિ' અથવા 'જ્ઞાનશક્તિ' એ બ્રહ્મના સ્વરૂપના બે જુદા જુદા ધર્મો છે અને વાસ્તવમાં તે ઉભયશક્તિ યુક્ત ભગવાન **'શ્રીકૃષ્ણ'** જેનું નિરૂપણ ભાગવતમાં કરવામાં આવ્યું છે તે **પરબ્રહ્મ-પૂર્ણ પુરુષોત્તમ** છે. તેને પ્રાપ્ત કરવા, તેમણે એક વિશિષ્ટ ભક્તિમાર્ગનું પ્રતિપાદન કર્યું છે જે **'પુષ્ટિમાર્ગ'**ના

નામથી પ્રસિધ્ધ છે. માટે 'પુષ્ટિમાર્ગ' એ શ્રી વલ્લભાચાર્યજીનું 'ધર્મદર્શન' છે. તદંતર્ગત તેમણે એક વિશિષ્ટ સાધના પ્રણાલી બતાવી છે, ભગવદીય જીવન જીવવાનો સર્વોત્તમ પ્રકાર બતાવ્યો છે.

*

## • ભક્તિમાર્ગ

**'ભક્તિ'**ની પરિકલ્પના આપણને વેદની સંહિતાઓમાં જોવા મળે છે. અગ્નિ, ઈન્દ્ર, મિત્ર, વરુણ વગેરે દેવોને ઉદ્દેશીને લખાયેલા સૂક્તોમાં ભક્તિ તત્ત્વનું પ્રાધાન્ય જણાય છે, જેમાં વિવિધ દેવોની સ્તુતિ કરવામાં આવી છે. તેમાં **'દાસ્યભાવ'** અથવા **'સખ્યભાવ'** જોવા મળે છે. ઋગ્વેદ (૧-૬-૨-૧૯)માં ઋષિ કહે છે- **"સર્વજ્ઞ પરમાત્માને ચાહનારી મારી વૃત્તિઓ ગાયો જેમ પોતાના સમૂહ પછવાડે જાય છે, તેમ જાય છે."** વળી કહે છે- **"હે સમર્થ પ્રભુ !, જેવી રીતે પોતાને ચાહનાર પતિને તેને ચાહતી પત્ની સ્પર્શ કરે તેવી રીતે મારી વૃત્તિઓ તેને સ્પર્શ કરે છે."** આ વચનોમાં **'પ્રેમલક્ષણાભક્તિ'**નું મૂળ સ્પષ્ટ જણાઈ આવે છે. **'પુષ્ટિભક્તિ'**નો આધાર કઠોપનિષદના એ વચનને કહી શકાય જ્યા કહ્યું છે કે **"આ આત્મા (ઈશ્વર) પ્રવચનથી, બહુ બુધ્ધિથી, વેદના ઘણા જ્ઞાનથી પ્રાપ્ત કરી શકાતો નથી પરંતુ જેનું તે 'વરણ' કરે અથવા જેને તે પસંદ કરે તેની આગળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે તેવો જીવ ઈશ્વરને પામી શકે છે."** ગીતાના બારમા અધ્યાયને **'ભક્તિયોગ'** કહ્યો છે, જેમાં ભગવાને ભક્તિનો મહિમા બતાવ્યો છે. તેના છેલ્લા અધ્યાયમાં ભગવાને અર્જુનને નવધા ભક્તિના છેલ્લા સોપાન- **આત્મનિવેદન** અથવા **શરણાગતિ**નો ઉપદેશ આપ્યો છે. નારદ પંચરાત્રમાં નારદજીએ ભક્તિની વ્યાખ્યા કરી છે. ભાગવત તો ભક્તિનો જ ગ્રંથ છે જેમાં એ સ્પષ્ટ થાય છે કે ભક્તિમાર્ગ એટલે જ 'ભાગવત ધર્મ'. રામાનુજ, મધ્વ, નિમ્બર્ક ઈત્યાદિ આચાર્યોએ પણ 'ભક્તિ'નો મહિમા ખૂબ જ વધાર્યો છે. તેને શ્રી વલ્લભાચાર્યજીએ એક વિશિષ્ટ ઉંચાઈએ પહોંચાડી છે અને શાસ્ત્રમાં નિરૂપિત 'મર્યાદાભક્તિ' અથવા સાધનભક્તિથી આગળ જઈ ભગવાનની કૃપા પર અવલંબિત 'પુષ્ટિભક્તિ'નું તેમણે પ્રતિપાદન



કર્યું છે. તે નિઃસાધન જીવને પણ ભગવદ્ પ્રાપ્તિ કરાવવા માટે કારગત નીવડે છે. **'પુષ્ટિભક્તિમાર્ગ'** અથવા **'પુષ્ટિમાર્ગ'** એ શ્રી વલ્લભાચાર્યજીની વિશિષ્ટ દેન છે જે જીવને સર્વોચ્ચ ફલ- ભગવાનની પ્રાપ્તિ કરાવી શકે છે.

શ્રી વલ્લભાચાર્યજી નિબંધ ગ્રંથમાં ભક્તિની વ્યાખ્યા કરતાં કહે છે- **ભગવાનના માહાત્મ્યના જ્ઞાન સહિત ભગવાન પ્રત્યે સુદૃઢ સર્વાધિક પ્રેમ થાય તેનું 'ભક્તિ' છે, અને તેના વડે જ મુક્તિ શક્ય છે, અન્યથા નહીં.** તેમણે ભક્તિના બે પ્રકાર સમજાવ્યા છે- એક **'સાધનારૂપા ભક્તિ'** જે મર્યાદાભક્તિનો પ્રકાર છે. ભાગવતમાં નિરૂપિત 'નવધા ભક્તિ' - **શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય** અને **આત્મનિવેદન** એ આ પ્રકારની ભક્તિ છે, જેના દ્વારા ભક્તને મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે. આના અનેક ઉદાહરણ આપણને પુરાણ કથાઓમાં પ્રાપ્ત થાય છે. શ્રીમહાપ્રભુજીએ બીજો પ્રકાર **'પ્રેમલક્ષણા ભક્તિ'**નો બતાવ્યો છે જે **'સાધ્યરૂપા'** ભક્તિ છે. નવધા ભક્તિના છેલ્લા ત્રણ સોપાન- દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન ભક્તને 'પ્રેમલક્ષણાભક્તિ' તરફ લઈ જાય છે, જેમાં ભગવાન પ્રત્યેનો નિષ્કામ પ્રેમ, નિર્વ્યાજ સુદૃઢ-સર્વતોધિક સ્નેહનું પ્રાધાન્ય છે. તેવો સ્નેહ ગોપીજનોનો શ્રીકૃષ્ણ માટે હતો. તેમાં મેળવવાનું કશું પ્રયોજન હોતું નથી, કેવળ આપવાનું, સ્નેહીને સુખ થાય તે કરી છૂટવાનું એક માત્ર ધ્યેય હોય છે. એ પ્રેમની પરાકાષ્ટા છે, પુષ્ટિભક્તિનું હાર્દ છે. શ્રી વલ્લભાચાર્યજીએ ચીંધેલા 'પ્રેમલક્ષણાભક્તિ'ના માર્ગને જ 'પુષ્ટિમાર્ગ' નામ આપ્યું છે.

*

## • પુષ્ટિમાર્ગ

ઉપનિષદ કહે છે- **'યમેવૈષ વૃણુતે તેન લભ્ય'** અર્થાત્ જેનું ભગવાન વરણ કરે, તેને તેઓ મળે. ભગવાન જેના પર કૃપા કરે તેને તે પ્રાપ્ત થાય છે. શ્રી મહાપ્રભુજીએ પ્રવર્તિત કરેલ 'પુષ્ટિમાર્ગ'નો આધાર આ શ્રુતિવચન છે. ભગવાન જેનો પોતાના સ્વરૂપબલથી ઉધ્ધાર કરવા ઈચ્છે છે, તેની પાત્રતા-અપાત્રતા, તેના લક્ષણ જોતા નથી, કારણ કે તેઓ સર્વતંત્ર-સ્વતંત્ર છે. તેઓ પોતાની ઈચ્છાથી કોઈ પણ જીવનું વરણ કરી, પોતાની

કૃપા તેના પર વરસાવી શકે છે, તેનો ઉધ્ધાર કરી શકે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ શાસ્ત્રોમાં પ્રતિપાદિત સાધનો પર આધારિત વિહિત ભક્તિમાર્ગ જે મર્યાદાભક્તિમાર્ગના નામથી પ્રસિધ્ધ છે, તેનાથી વિલક્ષણ, વિશુદ્ધ પ્રેમપધાન, પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ પ્રવર્તિત કર્યો છે. આ એક સ્વતંત્ર ભક્તિમાર્ગ છે જે **'પ્રથકશરણમાર્ગ'**, **'પુષ્ટિભક્તિમાર્ગ'** અથવા **'પુષ્ટિમાર્ગ'**ના નામથી જાણીતો છે. 'પુષ્ટિ' એટલે 'કૃપા' અથવા 'અનુગ્રહ'. શ્રીમદ્ ભાગવતના બીજા સ્કંધમાં કહ્યું છે- **'પોષણં તદ્ અનુગ્રહ'**, અર્થાત્ ભગવાન દ્વારા કરવામાં આવતા પોષણને તેમનો 'અનુગ્રહ' કહેવાય. ભાગવતના છઠ્ઠા સ્કંધને શ્રી મહાપ્રભુજી ભગવાનની **'પોષણલીલા'** બતાવે છે. તેમાં અજામિલ, દક્ષ, વત્રાસુર ઈત્યાદિના ચરિત્રોનું વર્ણન છે, જેમાં ભગવાનની કૃપાનો- તેમના અનુગ્રહનો મહિમા બતાવ્યો છે. શ્રી મહાપ્રભુજી કહે છે- ''શ્રી કૃષ્ણે જે પ્રકારની લીલાઓ કરી છે, તે બધી કૃપાભાવને વશ થઈને કરી છે. હકીકતમાં તો સમસ્ત જગતની રચના જ શ્રીકૃષ્ણની લીલા કરવા માટે છે, એવો મારો મત છે.'' પુષ્ટિમાર્ગના હાર્દને સમજાવતાં તેઓ લખે છે- **'અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયભક'** (સિ.મુ.૧૮), પુષ્ટિમાર્ગમાં ભગવદ્ અનુગ્રહ જ નિયામક છે. 'અનુગ્રહ'માં બે શબ્દ છે - અનુ+ગ્રહ, અર્થાત્ મુક્તિ પછી ગ્રહણ કરવું અથવા સ્વીકારવું. આ શબ્દ 'સુદૃઢ અંગીકૃતિ'નો દ્યોતક છે.

**'પુષ્ટિમાર્ગ'**નું મૂળ વેદમાં છે. ભગવદ્ કૃપાનું મૂળ ભાગવતમાં પણ મળે છે. ભાગવતના દશમ સ્કંધની 'નિરોધલીલાઓ' પુષ્ટિમાર્ગનું જ હાર્દ સમજાવે છે. ભગવાન શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ કરનારા વ્રજભક્તો પુષ્ટિમાર્ગને જ અનુસરતા હતાં તેમ કહી શકાય. ત્યારે ભગવાન સ્વયં પ્રકટ હતા તેથી તેમણે પોતાના સ્વરૂપથી જીવોનો ઉધ્ધાર કર્યો હતો. ભગવાનની અનવતાર દશામાં પુષ્ટિ જીવોનો ઉધ્ધાર કરવા શ્રી વલ્લભાચાર્યજીનો ભૂતલ ઉપર પ્રાદુભાવ થયો છે. તેમણે તે વેદાદિશાસ્ત્રોમાં વર્ણિત પુષ્ટિમાર્ગને એક વિશિષ્ટ સંપ્રદાયના રૂપે પ્રગટ કર્યો. તેથી પુષ્ટિમાર્ગને **'પુષ્ટિ-સંપ્રદાય'** કહેવો વધુ ઉચિત ગણાય. તે જ 'વલ્લભ સંપ્રદાય'ના



નામથી અથવા 'પુષ્ટિમાર્ગ'ના નામથી પ્રચલિત છે. તે અન્ય આચાર્યો દ્વારા પ્રસ્થાપિત ભક્તિમાર્ગીય સંપ્રદાયમાંનો એક છે જેના પ્રસ્થાપક શ્રી વલ્લભાચાર્યજી છે. 'સંપ્રદાય'નો અર્થ જ ઈશ્વર સ્વરૂપ ગુરુદ્વારા પરંપરા ગત રીતે જે આપવામાં આવ્યો હોય તે માર્ગ છે. કોઈ પણ સંપ્રદાયમાં પાંચ અંગો હોવા જરૂરી છે- (૧) **ગુરુ પરંપરા**, (૨) **મંત્રદીક્ષા**, (૩) **તત્ત્વદર્શન**, (૪) **ઈષ્ટદેવ** અને (૫) **સાધનાપ્રણાલી**. પુષ્ટિ સંપ્રદાયનું મૂળ વિષ્ણુસ્વામી દ્વારા સ્થાપિત 'રુદ્ર સંપ્રદાય' છે, જેના અનુયાયી શ્રી વલ્લભાચાર્યજીના પૂર્વજો હતાં. સ્વયં શ્રી વલ્લભાચાર્યજીએ આ સંપ્રદાય સંસ્થાપિત કર્યો અને તદ્પશ્ચાત તેમની કુલપરંપરામાં તેમના વંશજો, જેઓ **'વલ્લભકુળ'** તરીકે ઓળખાય છે, તેના દ્વારા તે ચાલ્યો આવે છે. અન્ય સંપ્રદાયોમાં જ્યાં ગુરુ સંન્યાસી હોય ત્યાં **'શિષ્ય પરંપરા'** ચાલતી હોય છે. વાલ્લભ સંપ્રદાયમાં ગુરુ ગૃહસ્થ હોવાથી તેમાં **'વંશપરંપરા'** પ્રચલિત છે. પરંપરાગત તેમાં 'નામ મંત્ર'ની તેમ જ 'નિવેદનમંત્ર'ની દીક્ષાનો પ્રકાર છે. **'સાકાર બ્રહ્મવાદ'**, શ્રી વલ્લભાચાર્યજીનું તત્ત્વદર્શન છે. **'ભગવાન શ્રીકૃષ્ણ'** તેમાં આરાધ્ય દેવ તરીકે સ્વીકારાયેલ છે, તથા નિષ્કામ ભાવથી શ્રીકૃષ્ણની સહર્નિશ સેવા એ તેની **'સાધના પ્રણાલી'** છે.

આમ **'વાલ્લભસંપ્રદાય'** જેને આપણે સામાન્યતઃ **'પુષ્ટિમાર્ગ'**ના નામથી જાણીએ છીએ તે શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રવર્તિત કરવામાં આવેલો ભગવદ્ કૃપા દ્વારા ભગવાનને મેળવવાનો વિશિષ્ટ માર્ગ - **'પુષ્ટિભક્તિમાર્ગ'** છે.

**'પુષ્ટિમાર્ગ'** શ્રી વલ્લભાચાર્યજીનું **'ધર્મ દર્શન'** છે. તેને **'સંપ્રદાય'** કહેવા કરતાં પણ સાચા અર્થમાં એક વિશિષ્ટ **'જીવન પ્રણાલી'** કહેવું વધુ યોગ્ય ગણાય, કારણ કે તે એક પ્રભુ સમર્પિત ગૃહસ્થ જીવનની ગરિમા સ્થાપિત કરે છે. અહીં આ માર્ગમાં વૈરાગ્યપૂર્ણ સંન્યાસ ગ્રહણ કરી વિષયો કે વસ્તુઓનો ત્યાગ કરવાનો ઉપદેશ નથી, પરંતુ પોતાના ઘરમાં રહીને વર્ણાશ્રમ-ગૃહસ્થાશ્રમ ઈત્યાદિ ધર્મોનું પાલન કરતાં પરિવાર, સમાજ, રાષ્ટ્ર તેમ જ સમગ્ર માનવજાતિ પ્રત્યેના ઉત્તરદાયિત્વને નભાવતાં મનુષ્યે

પોતાની પ્રત્યેક પ્રવૃત્તિને નિષ્કામ ભાવથી કરતાં તેના કેન્દ્ર બિન્દુમાં ભગવાન શ્રી કૃષ્ણને રાખવાનો આગ્રહ છે. જીવનનું પ્રત્યેક કાર્ય ભગવદ્ પ્રિત્યર્થે, ભગવાનની પ્રસન્નતા માટે કરવું તે પુષ્ટિમાર્ગનું હાર્દ છે. તેમાં ક્રિયાને બદલે દૃષ્ટિકોણ બદલવાની વાત કહી છે. માટે જ પુષ્ટિજીવન સહજ અને સરલ છે, સાત્વિકતાપૂર્ણ છે. અહીં કોઈ પ્રકારના હઠાગ્રહ કે દુરાગ્રહને સ્થાન નથી. સર્વેશ્વર, સર્વજ્ઞ, સર્વસમર્થ પ્રભુ જ નિજ ઈચ્છાથી સર્વકાંઈ કરે છે, જે હંમેશા ભક્તના કલ્યાણ માટે જ હોય છે તેવો દૃઢ વિશ્વાસ રાખવો તે પુષ્ટિમાર્ગનો પાયો છે. તેમાં ભગવાનને કોઈ પણ વસ્તુ કે બાબત માટે પ્રાર્થના કરવાનો કોઈ ઉપક્રમ નથી કારણ કે તેઓ સર્વજ્ઞ છે, બધુ જાણે છે અને જે ભક્તના હિતમાં છે તે જ અવશ્ય કરે છે, માટે જ શ્રી વલ્લભાચાર્યજી કહે છે - **'પ્રભુ સર્વ સમર્થોહિ તતો નિશ્ચિતતાં વ્રજેત'**. ભક્તે નિશ્ચિત થઈને જીવવાનું છે, ચિંતામુક્ત થઈને રહેવાનું છે. ભગવાન જે કાંઈ કરશે તે યોગ્ય જ કરશે, તેવો વિવેક જાળવવાનો છે. આ પ્રકારની મનોવૃત્તિ કેળવવાથી મનુષ્ય પ્રત્યેક સ્થિતિમાં સંતુષ્ટ અને પ્રસન્ન રહી શકે છે. પરમોચ્ચ તત્ત્વ ભગવાન શ્રીકૃષ્ણ, જે સર્વાત્મા છે, તેમની અનન્યભાવથી શરણાગતિ સ્વીકારી, તેમને સર્વકાંઈ સમર્પિત/ વિનિયોગ કરાવી પોતાનો જીવન નિર્વાહ કરવો એ પુષ્ટિમાર્ગીય જીવનપ્રણાલીનો મૂળાધાર છે, મંત્ર છે. પુષ્ટિમાર્ગનું 'ધર્મદર્શન' અથવા 'સાધનપ્રણાલી' શ્રી મહાપ્રભુજીના તત્ત્વદર્શીય સિધ્ધાંતોને વરેલી છે. જીવનો 'દાસભાવ' એ તેનું મુખ્ય પાસુ છે અને તેથી ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતી સ્વીકારવી સંપૂર્ણપણે સમર્પિત થઈ, તેમની સેવાને મહત્વનું કર્તવ્ય સમજી, પોતાનો જીવન વ્યવહાર નભાવવો એ પુષ્ટિજીવનની સાર્થકતા છે.

*

## • પુષ્ટિમાર્ગમાં 'કૃષ્ણસેવા'ની પ્રાધાન્યતા

નારદ ભક્તિસૂત્રના આધારે ભક્તિની વ્યાખ્યા કરતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે- **'ભગવાનના માહાત્મ્ય જ્ઞાનપૂર્વક, તેમનામાં સુદૃઢ-સર્વતોધિક સ્નેહ'** તેનું નામ 'ભક્તિ'. જેની ભક્તિ કરીએ છીએ તે



સર્વજ્ઞ છે, સર્વવ્યાપ્ત છે, સર્વ સામર્થ્યવાન છે. તેવું તેમનું માહાત્મજ્ઞાન થવાથી તેમની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાનો ભાવ ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે તેમનામાં આત્યંતિક પ્રેમના કારણે તેમને સંપૂર્ણપણે સમર્પિત થઈ જવાની ઉત્કંઠા જાગે છે, (લૌકિકમાં પણ આપણી આવી જ પ્રતિક્રિયા હોય છે). માટે **'માહાત્મ્ય જ્ઞાન'** અને **'આત્યંતિક સ્નેહ'** એ બે 'ભક્તિ'ના અભિન્ન અંગ છે. ભક્તિ એ ભક્તનો હૃદયનો ભાવ છે, વૃત્તિ છે જેની 'અભિવ્યક્તિ' આવશ્યક છે. કારણ કે ત્યારે જ જેની ભક્તિ આપણે કરતાં હોઈએ તેને તે અનુભૂત થઈ શકે છે. ભક્તિની અભિવ્યક્તિનું નામ જ **'સેવા'** છે. ભજનીય ને 'ભક્તિ'નો અહેસાસ કરાવવાની પ્રક્રિયા, તેની સેવા છે. 'ભક્તિ' જો 'સેવા'ના રૂપે અભિવ્યક્ત ન કરીએ તો તેને ભક્તિ કહી શકાય જ નહીં. માટે જ શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગમાં **'કૃષ્ણસેવા'**નો મહિમા બતાવ્યો છે, શ્રીકૃષ્ણ પ્રત્યેની આપણી સ્નેહપૂર્ણ લાગણી અભિવ્યક્ત કરવા તેમણે સાધનરૂપ **'તનુ-વિત્તજા'** સેવાનો નિર્દેશ કર્યો છે, તે પ્રકારની સેવા આપણા મનને ભગવાનમાં સંપૂર્ણપણે જોડાઈ જવાનું માધ્યમ બને છે. તેને જ તેઓ **'માનસી સેવા'**નું નામ આપે છે, તે જ પુષ્ટિમાર્ગમાં ફલ છે.

શ્રી વલ્લભાચાર્યજી પોતાના સિધ્ધાંત મુક્તાવલી ગ્રંથની શરૂઆતમાં જ કહે છે કે 'હું વિચારપૂર્વક નિશ્ચય કરીને મારો સિધ્ધાંત કહી રહ્યો છું કે **'કૃષ્ણસેવા'** સદા કરવી જોઈએ.' આ સારગર્ભિત કથનનો ખુલાસો કરતાં શ્રી ગુસાંઈજી કહે છે કે **'કૃષ્ણ'** એ ફલાત્મક નામ છે, માટે તેની સેવાને શ્રી મહાપ્રભુજી **'સ્વસિધ્ધાંત'** કહે છે. કૃષ્ણ આનંદાત્મક છે. તેમની સેવાકૃતિ એ **'સ્વતઃ પુરુષાર્થ'** છે. કૃષ્ણસેવા એ જ પુરુષાર્થરૂપ છે અને ફલ પણ તે જ છે. કૃષ્ણને માણવા, કૃષ્ણનો આનંદ પ્રાપ્ત કરવો, જે શાશ્વત આનંદ છે, તે જ પુષ્ટિ જીવનનો અંતિમ ઉદ્દેશ્ય છે. શ્રી મહાપ્રભુજીએ નિર્દેશ કરેલ **'ગૃહસેવા'**નું એ જ કારણ છે. તેમણે પ્રવર્તિત કરેલ **'પુષ્ટિમાર્ગ'**નું એ જ તાત્પર્ય છે.

'બ્રહ્મસંબંધ'ની દીક્ષા પ્રાપ્ત કરતાં જીવ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણને પોતાની માની લીધેલી તમામ વસ્તુઓ- સ્ત્રી, ઘર, પુત્ર, પરિવાર, આલોક, પરલોક ઈત્યાદિ સર્વ કાંઈ આત્મા સહિતના સમર્પણ દ્વારા પોતે

તેમનો દાસ હોવાની કબુલાત કરી કહે છે ''**હે કૃષ્ણ હું તારો છું**''. ત્યારે તે તેમની સેવા કરવાનો અધિકારી બને છે, એટલું જ નહીં, પરંતુ જેમ લૌકિકમાં સ્ત્રીના લગ્ન કર્યા પછી પોતાના પતિની-સ્વામીની સેવા કરવાનો પવિત્ર ધર્મ બને છે, સહજ કર્તવ્ય બને છે તેમ બ્રહ્મસંબંધ દ્વારા જીવનો ભગવાન સાથે અલૌકિક 'ગૃહસ્થાશ્રમ' શરૂ થાય છે અને 'કૃષ્ણસેવા' તેનો સહજ ધર્મ બને છે. તેને માટે 'કૃષ્ણસેવા' તેના જીવનનું અભિન્ન અંગ બને છે. આ કારણથી જ પુષ્ટિમાર્ગમાં ભગવદ્ સેવાની પ્રાધાન્યતા છે.

શ્રી વલ્લભાચાર્યજીએ '**ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ**' અર્થાત્ પોતે ઘરમાં રહી 'સ્વધર્મ'ના પાલનની આજ્ઞા કરી છે. તેમણે ઘર કે ગૃહસ્થાશ્રમ ત્યજવાની કે કાયિક વૈરાગ્યની વાત નથી કરી, કેમ કે તેઓ કહે છે કે સંસારમાં કેવળ દોષ નજરે પડવાના કારણે જે વૈરાગ્ય જાગી ઊઠે છે, તે મનુષ્યને નિરસ બનાવી દે છે. તેના કારણે તે અસ્વસ્થ હોય છે, ઝાઝો ટકતો નથી. એવા અસ્વસ્થ વૈરાગ્યને વશ બનીને વ્યર્થ જ કોઈપણ વસ્તુનો ત્યાગ કરવાને બદલે એ વસ્તુ ભગવાનને સમર્પિત કરી દેવી જોઈએ. આપણી અહંતા-મમતાના વિષયોનો ત્યાગ કરવાને બદલે તેનો શ્રીકૃષ્ણની સેવામાં વિનિયોગ કરાવવાનો અને પોતાના ઘરમાં સ્વધર્મ-ભગવત્સેવા તથા ભગવત્કથામય જીવન વિતાવવાનો ઉપદેશ તેમણે કર્યો છે. તેઓ સુબોધિનીજીમાં સમજાવે છે કે ''**પુષ્ટિમાર્ગીય જીવનું ભગવદીયપણુ એ ઘરમાં રહેવાનો સ્વસ્થ, સાચો અને દોષરહિત હેતુ નથી, કિંતુ ભગવાનની સાથે રહેવું અથવા ભગવત્સેવા માટે રહેવું એ જ ઉત્કૃષ્ણ હેતુ છે.**'' આમ ભગવત્સેવા એ પુષ્ટિજીવનપ્રણાલીનું એક અભિન્ન આવશ્યક અંગ છે. માનવ સેવા એ ભગવત્સેવાના અંગભૂત ગણવી જોઈએ, પરંતુ તેને ભગવત્સેવાના વિકલ્પરૂપે ન લઈ શકાય, કારણ કે પુષ્ટિજીવનું અંતિમ લક્ષ એ ભગવદ્પ્રાપ્તિ છે, અન્ય કશું નહીં. તેથી જ શ્રી મહાપ્રભુજી '**ભગવાનેવ ફલ**' કહે છે. તે ફલની પ્રાપ્તિ એ જીવનની સાર્થકતા છે, અને તેને માટે શ્રી કૃષ્ણની સેવા એ જીવનું પરમ કર્તવ્ય છે.

*



## • 'બ્રહ્મસંબંધ' પુષ્ટિમાર્ગની વિશિષ્ટ દીક્ષા

પ્રત્યેક આચાર્યનો ભૂતલ ઉપર પ્રાદુર્ભાવ કોઈ વિશિષ્ટ પ્રયોજનથી થયેલું છે. શ્રી વલ્લભાચાર્યજીના પ્રાકટ્યનો હેતુ મુખ્યત્વે દૈવી જીવોનો ઉધ્ધાર બતાવવામાં આવ્યો છે. જે જીવોનું વરણ ભગવાને '**પુષ્ટિજીવ**' તરીકે કર્યું છે, તેઓ પણ ભગવાનથી છૂટા પડતાં અવિદ્યા ગ્રસ્ત થવાથી પોતાનું મૂળ સ્વરૂપ 'તે ભગવાનનો ''અંશ'' છે', તે ભૂલી જાય છે અને અધ્યાસોના કારણે જન્મમરણની ઘટમાળમાં ફર્યા કરે છે. જગતમાં અનેક પ્રકારના સહજ, દેશ, કાલ, સંયોગ તેમ જ સ્પર્શજન્ય દોષો તેને લાગે છે. આવો દોષયુક્ત જીવ નિર્દોષ બ્રહ્મ સાથે પુનઃ કેવી રીતે જોડાઈ શકે ?, તેવા ચિંતનમાં એક સમય શ્રી મહાપ્રભુજી ગોકુલમાં ગોવિંદઘાટ ઉપર બિરાજતા હતા ત્યારે વિ.સ. ૧૫૪૯ના શ્રાવણ માસની શુકલ એકાદશીની મધ્યરાત્રીએ સ્વયં ભગવાને તેમની સમક્ષ પ્રકટ થઈ, એક મંત્ર આપી આજ્ઞા કરી કે- '**તમારાથી જેને આ સર્વસ્વના સમર્પણપૂર્વક આત્મનિવેદનની દીક્ષા આપવામાં આવશે તેની અહંતા-મમતાનો સેવામાં વિનિયોગ કરવાથી, તેને ભગવાનની લીલા અનુભવવાનું સામર્થ્ય પ્રાપ્ત થશે.** (શ્રીયદુનાથજી વિરચિત 'શ્રી વલ્લભદિગ્વિજય'). આ છે બ્રહ્મસંબંધ દીક્ષાનું હાર્દ.

'બ્રહ્મસંબંધ' દ્વારા જીવનું આત્મનિવેદન, તેનું પરિણામ અને તે પછી તેના કર્તવ્યનો ઉપદેશ શ્રી મહાપ્રભુજીએ '**સિધ્ધાંત રહસ્ય**' ગ્રંથમાં સમજાવતાં સ્વયં ભગવાનના વચનનો ઉલ્લેખ કરતાં કહે છે કે '**બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ સર્વ દોષ નિવૃત્તિઃ**' અર્થાત્ બ્રહ્મસંબંધ કરવાથી જીવના સર્વ દોષોની નિવૃત્તિ થઈ જાય છે. આમ દોષની નિવૃત્તિનો ઉપાય બતાવી, નવા દોષો ઉત્પન્ન ન થાય તે માટે અસમર્પિત વસ્તુઓના ત્યાગની, અને પ્રભુને વિનિયોગ કરેલા પદાર્થોથી જીવન નિર્વાહની તેમણે સલાહ આપી છે. તેને માટે લોકમાં જેમ સ્વામી-સેવકનો સંબંધ વ્યવહાર નભતો હોય છે તેમ પુષ્ટિજીવે પ્રભુને નિવેદિત કરેલા પદાર્થોથી પોતાનો જીવન વ્યવહાર નભાવવાનો હોય છે. બ્રહ્મસંબંધ દીક્ષા દ્વારા જીવને '**ભગવત્સેવા**'ની યોગ્યતા પ્રાપ્ત થાય છે, તો ભગવદ્સેવાનું કર્તવ્ય પણ

બને છે. 'સમર્પણ'નો સિધ્ધાંત એ પુષ્ટિમાર્ગના પાયામાં છે જેનું દઢતાપૂર્વક પાલન કરવું એ પુષ્ટિજીવનનું મહત્ત્વનું અંગ છે. તેને વિસ્તારપૂર્વક શ્રી મહાપ્રભુજીએ **'નવરત્ન'** ગ્રંથમાં સમજાવ્યું છે.

અહીં એક બાબત સમજવી આવશ્યક છે કે શ્રી મહાપ્રભુજીનો પ્રાદુભાવ દૈવી જીવોના ઉધ્ધારાર્થે થયો હતો. તેમની ચિંતાનું કારણ ભૂતલ ઉપરના દૈવી જીવોની દોષયુક્ત સ્થિતિ હતી, અને તેના ઉપાય તરીકે ભગવાને સ્વયં પ્રકટ થઈ તેમને જ **'બ્રહ્મસંબંધમંત્ર'** આપી જીવોને દીક્ષિત કરવાની સૂચના આપી વચન આપ્યું હતું કે 'તેમના દ્વારા આ મંત્ર પ્રાપ્ત કરનારને પોતે પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવશે.' તેથી આ 'દીક્ષા'નો તેમનો એકાધિકાર સ્પષ્ટ થાય છે. **'સ્વવંશેસ્થાપિતાશેષ'** એ શ્રી ગુસાંઈજીના વચનથી શ્રી વલ્લભાચાર્યજી આજે ભૂતલ ઉપર પરંપરાથી તેમના 'વંશ'માં બિરાજે છે, તેના કારણે વલ્લભવંશજ આચાર્યો શ્રી વલ્લભાચાર્યજીની કાનીથી જ આજે જીવોને બ્રહ્મસંબંધની દીક્ષા આપી **'પુષ્ટિમાર્ગ'**માં પ્રવેશ કરાવી ભગવત્સેવા માટે યોગ્ય બનાવે છે. પુષ્ટિમાર્ગની આ પરંપરાગત સ્થપાયેલી પ્રણાલી છે.

'બ્રહ્મસંબંધ મંત્ર'નો ભાવનું શાસ્ત્રીય પ્રમાણ આપણને **'બૃહદારણ્યક ઉપનિષદ'**માં પણ મળે છે જ્યાં કહ્યું છે કે- **'આ આત્મા સર્વ પ્રાણીઓનો અધિપતિ છે, બધાં જ પ્રાણીઓનો રાજા છે. જેવી રીતે રથના ચક્રના મધ્યભાગમાં અને રથના ચક્રના ઘેરાવામાં સર્વે આરાઓ સમર્પિત થયેલા છે, તેવી જ રીતે સર્વ જીવો, સર્વ દેવો, સર્વલોક, ભૂત માત્ર અને બધા જ આત્માઓ પરમાત્મામાં સમર્પિત થયેલા છે** (બૃ.ઉ. ૨/૫/૧૫). ભગવાન ગીતામાં પણ અર્જુનને કહે છે- **''હે અર્જુન, તું મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારું સેવન કર, મને નમસ્કાર કર, તું મને જ પામીશ, તું મને પ્રિય છે, એમ હું તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.''** (ગીતા-૧૮/૬૫). ભાગવતમાં પણ કંઈક આવી જ ભગવાનની વાણી સાંભળવા મળે છે- **''જેઓ પત્ની, ગૃહ, પુત્ર, આપ્તજન, પ્રાણ, ધન એ બધાને છોડીને મારે શરણે આવેલા છે તેઓનો ત્યાગ હું કેવી રીતે કરી શકું ?''** (ભા. ૯/૪/૬૫).



ઉપરોક્ત કથનોથી એ સ્પષ્ટ થાય છે કે શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગના પાયાના સિધ્ધાંત તરીકે જે અહંતા-મમતાને ભગવાન સાથે જોડવાની વાત કરી છે, તે ઉદેશ્યને પાર પાડવા જ આ 'બ્રહ્મસંબંધ-દીક્ષા'ની પ્રક્રિયા છે. **'દાસોહં'** કહી જીવની **'અહંતા'** નિર્મૂળ બને છે તો સર્વસ્વના સમર્પણથી તેની **'મમતા'** દૂર થાય છે. અને આમ અહંતા-મમતા રૂપ સંસારમાંથી જીવ નિવૃત્ત થાય છે ત્યારે સ્વાભાવિક રીતે તે ભગવાન સાથે જોડાઈ જાય છે, તેને ભગવદ્ પ્રાપ્તિ થાય છે.

*

## • ઉપસંહાર

આ લખાણનો ઉદ્દેશ્ય જન્મભૂમિ પત્રમાં પ્રસિધ્ધ પુષ્ટિમાર્ગ વિશે વિભિન્ન મહાનુભાવો દ્વારા પ્રસ્તુત થયેલ વિચારોના પરિપેક્ષમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રતિપાદિત **'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'**ની વિચારધારા તેમ જ તદંતર્ગત તેમના દ્વારા પ્રવર્તિત **'પુષ્ટિમાર્ગ'**નું સંક્ષિપ્તમાં યથાર્થ રૂપે રજુ કરવા માત્રનો છે. સામાન્ય વાંચકોને લક્ષમાં રાખી તેના મુખ્ય મુદ્દા રજુ કરવાનો અહીં આશય રહેલો છે. તેથી અહીં બધા વિષયોનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું નથી.

જીજ્ઞાસુ વાંચકોએ તે માટે શ્રી મહાપ્રભુજીના વિવધ ગ્રંથો, તેની ટીકાઓ ઈત્યાદિ વિપુલ સાહિત્ય, જે પુસ્તકો તેમ જ વિવિધ વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તેનો અભ્યાસ કરવાથી પુષ્ટિમાર્ગનું હાર્દ યથાર્થરૂપ સમજી શકાશે. પ્રભુ પ્રાપ્તિના અથવા ભગવત્સાક્ષાત્કાર માટેના શાસ્ત્રોમાં બતાવેલ અનેક માર્ગોમાં શ્રી વલ્લભાચાર્યજીએ પ્રવર્તિત કરેલો વિલક્ષણ માર્ગ, તે **'પુષ્ટિમાર્ગ'** છે, તે સમજવા માટે **'ગહનત્તમ'** છે તો આચરવા માટે **'સરલત્તમ'** છે.

પુષ્ટિમાર્ગની સાધના પ્રણાલીના મૂળમાં શ્રી વલ્લભાચાર્યજીની દાર્શનિક વિચારધારા છે, અર્થાત્ **ભક્તિ, સેવા, સ્મરણ** ઈત્યાદિની જે આજ્ઞાઓ તેમણે કરી છે તે મનઘડંત નથી.

તેનો આધાર તેમના ગ્રંથોમાં આલેખિત સિધ્ધાંતો છે. તેથી પુષ્ટિમાર્ગનું અનુસરણ કરવા ઈચ્છતા સૌ કોઈએ તેનો અભ્યાસ કરવો

આવશ્યક ગણાય. આ માર્ગ વિશેનું ચિંતન, જે તેમણે પોતાના ગ્રંથમાં આલેખ્યું છે અને તેમના વંશજ આચાર્યોએ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે, તેના સંદર્ભમાં જ કરી શકાય, કેમ કે શ્રી વલ્લભાચાર્યજીની આગવી વિચારધારાનું નામ જ **'પુષ્ટિમાર્ગ'**, **'પુષ્ટિ સંપ્રદાય'** કે **'વલ્લભ સંપ્રદાય'** છે.

તેથી કોઈ એમ વિચારે કે વર્તમાન પરિસ્થિતિમાં 'પુષ્ટિમાર્ગ'નું સ્વરૂપ અમુક પ્રકારનું હોવું જોઈએ, તે વિચાર માત્ર જ અપ્રસ્તુત ગણાય. શ્રી મહાપ્રભુજી સ્વયં પોતાના ગ્રંથોના અંતમાં **'ઈતિમે મતિ'** કહી સમાપન કરે છે. તેની સાથે સંમત થવું કે નહીં તે પ્રત્યેકની પોતાની ઈચ્છાની વાત હોઈ શકે, પરંતુ એક વાત ચોક્કસ છે કે પુષ્ટિજીવને પુષ્ટિમાર્ગ પર ચાલી પ્રભુપ્રાપ્તિ કરવા માટેના તેમના સિધ્ધાંતો છે, જે સાર્વત્રિકરૂપે જીવ માત્ર માટે કલ્યાણકારી છે, પરંતુ 'પુષ્ટિમાર્ગ' વૈશ્વિક ન બની શકે, કારણ કે તે ભગવદ્‌લીલાની વિવિધતાનો એક હિસ્સો છે. આ માર્ગમાં રૂચી થવી એ જ ભગવદ્ કૃપાનું એક પ્રમાણ ગણાય, કારણ કે શ્રીમહાપ્રભુજી કહે છે તેમ **'ભગવદ્‌કૃપા જ પુષ્ટિમાર્ગમાં નિયામક છે.'** તેથી પુષ્ટિમાર્ગના સિધ્ધાંતો હૃદયારૂઢ થવા તે સ્વયં ભગવાનની કૃપા પર જ નિર્ભર કરે છે. આપણે માત્ર તે દિશામાં સાચી સમજ કેળવી પ્રયત્ન જ કરવો રહ્યો. બાકી તો-

**બુધ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદ પદ્મમ્ પ્રસ્તદતુ.**

**ડૉ. જયેન્દ્ર સોની**

## નમ્ર સૂચના

આ પુસ્તિકાના વાંચનથી 'વલ્લભ-વેદાંત' સમજવાની જો ભગવદ્ કૃપાથી રુચી થાય તો, નિબંધ-અણુભાષ્ય જેવા પ્રકિર્ણ ગ્રંથો વાંચતા પૂર્વે ગોસ્વામી શ્રી શરદ્ શ્રી અનિરુદ્ધજી મહારાજશ્રી (કચ્છ-માંડવી) લેખિત-સંપાદિત પુસ્તક 'પ્રમેયરત્ન સંગ્રહ' (પ્રકાશક-શ્રી વલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી-કચ્છ, પિન-૩૭૦૪૬૫) મનનપૂર્વક વાંચી જવા આગ્રહપૂર્વક વિનંતી છે, જેનાથી શ્રી મહાપ્રભુજીના 'તત્ત્વદર્શન'ના વિવિધ પાસાનું પ્રારંભિક જ્ઞાન પ્રાપ્ત થઈશકશે અને તે પછી તેમના પ્રકિર્ણ ગ્રંથો સારી રીતે સમજી શકાશે.



......ટાઈટલ ૪નું અનુસંધાન

કોઈપણ સંપ્રદાય માટે તેના પ્રવર્તક દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતો-તેનું તત્ત્વદર્શન પાયા સમાન હોય છે, જ્યારે તેની ધર્મ-સાધના એ તેની ઉપર ચણવામાં આવતી ઈમારત સમાન હોય છે. પાયા વિનાની ઈમારત અસ્થિર હોય છે. તે કોઈ પણ સમયે જમીન દોસ્ત થઈ શકે છે. જો સિદ્ધાંતની સમજ વિના સેવા ઈત્યાદિ સાધનાનો ઉપક્રમ કરવામાં આવે તો તે નિષ્ઠા વિનાની ક્રિયા માત્ર હોઈ શખે, જેની ફલદાયિતા ન હોય. તેથી જ સ્વયં શ્રી વલ્લભાચાર્યજી પોતાના નિબંધ ગ્રંથમાં આજ્ઞા કરે છે – **'શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણસેવ્યઃ'** – અર્થાત્ 'શાસ્ત્રને સારી રીતે જાણી-સમજીને મન-વાણી-દેહ દ્વારા કૃષ્ણને સેવવા જોઈએ.' (અહીં શાસ્ત્રોને જાણવા-તેમણે તેનું દોહન કરી તેમણે પોતાના ગ્રંથમાં જે સિદ્ધાંતો પ્રસ્તુત કર્યા છે, તેનું અધ્યયન કરવું તેમ સમજી શકાય.)

આથી સ્પષ્ટપણે સમજી શકાય કે પુષ્ટિ-ભક્તિમાર્ગની ધર્મસાધનામાં આગળ વધવા ઈચ્છતા અનુયાયી માટે શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રતિપાદિત તેમના તત્ત્વદર્શનનું જ્ઞાન હોવું ખૂબ જ આવશ્યક છે, અન્યથા અંધાનુકરણ કરી જે સાચી-ખોટી સમજથી પુષ્ટિમાર્ગને અનુસરવાનો જેઓ પ્રયાસ કરી રહ્યા છે, તે કદાચ મૃગજળ સમાન અર્થવિહિન બની રહે.

આ પુસ્તિકામાં શ્રી વલ્લભાચાર્યજીના **'તત્ત્વદર્શન'** અને **'ધર્મદર્શન'**નો સંક્ષિપ્તમાં પરિચય કરાવવાનો માત્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. આની સાથે લેખકની અન્ય પરિચય પુસ્તિકા **'વાલ્લભ-વિચારધારા'**ના મનનપૂર્વક વાંચનથી શ્રી મહાપ્રભુજીના તાત્ત્વિક વિચારો-તેમના ગ્રંથો સમજવામાં ખૂબ સહાયતા મળશે, માટે તે માટે આગ્રહપૂર્વક સૂચન છે.

ધ્યાનમાં રહે આ પુસ્તિકાઓ માત્ર એક વખત વાંચી જવા માટે નથી પરંતુ ધ્યાનપૂર્વકના વાંચનથી જ તેના મર્મને પામી શકાશે.

અસ્તુ

**- ડો.જયેન્દ્ર સોની**



**ડૉ. જયેન્દ્ર સોની**

# બે શબ્દ....

સામાન્ય લોકો, મોટાભાગના પુષ્ટિમાર્ગીય અનુયાયી વર્ગ પણ પુષ્ટિમાર્ગને '**હવેલી ધર્મ**'ના નામે ઓળખે છે, જે ભ્રામક છે. તેને '**વલ્લભ સંપ્રદાય**'ના નામથી જાણનારા પણ પુષ્ટિમાર્ગને શાસ્ત્રોક્ત કર્મ–જ્ઞાન માર્ગની માફક માત્ર સામાન્ય ભક્તિ માર્ગ જ સમજે છે અને શ્રીનાથજી અથવા કૃષ્ણના કોઈક સ્વરૂપ–વિશેષતઃ શ્રી બાલકૃષ્ણ (લાલા)ની સેવા, તેમજ હવેલીમાં દર્શન, મનોરથ, પ્રસાદ ઈત્યાદિમાં જ પુષ્ટિ ભક્તિની ઈતિશ્રી માને છે. બ્રહ્મસંબંધની પ્રક્રિયાને પણ પુષ્ટિભક્તિ માટેની અનિવાર્ય આવશ્યકતાને બદલે, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બનવાની પૂર્વ શરત સમજતા હોય છે. અન્ય વૈષ્ણવ સંપ્રદાયોમાં પણ ભક્તિમાર્ગ તેમની સાધના પ્રણાલીનું અંગ હોય છે, પરંતુ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રવર્તિત '**પુષ્ટિ–ભક્તિ માર્ગ**' જે સાધારણ તથા '**પુષ્ટિમાર્ગ**'ના નામથી પ્રચલિત છે, તે અન્ય ભક્તિ કે ઉપાસના માર્ગથી ભિન્ન છે, વિલક્ષણ છે. તેથી તેને '**પૃથક–શરણમાર્ગ**' પણ કહે છે. તે વેદોપનિષદ, ગીતા, ભાગવત ઈત્યાદિ શાસ્ત્રોના ગહન ચિંતન પર આધારિત છે. શ્રી વલ્લભાચાર્યજીનાં એ તત્ત્વદર્શીય ચિંતનને જ '**વલ્લભ વેદાંત**' કહે છે, જે તેમણે પ્રસ્તુત કરેલી પુષ્ટિમાર્ગીય સાધના–પ્રણાલીના મૂળમાં છે.

આમ 'વલ્લભ વેદાંત' એ શ્રી વલ્લભાચાર્યજીનું '**તત્ત્વદર્શન**' છે, જે સામાન્યતઃ '**શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ**' નામથી જાણીતું છે અને તંદતર્ગત તેમણે ભગવદ્ પ્રાપ્તિ/સાક્ષાત્કારના સરલતમ ઉપાય તરીકે જે વિશિષ્ટ પ્રકારની '**પ્રેમલક્ષણા ભક્તિ**'ની સાધના પ્રણાલીનો નિર્દેશ કર્યો છે. તેને '**પુષ્ટિમાર્ગ**'કહે છે, તે તેમનું '**ધર્મદર્શન**' છે.

અનુસંધાન ટાઈટલ ૩ પર....

Khushi Multi Prints 09227504553